RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 301* Date: 29.08.2020 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટની વચ્ચે પરીક્ષાઓ રદ કરવાની માંગ

# અંતિમ વર્ષના છાત્રોને પરીક્ષા વિના પ્રમોટ નહિ કરી શકાય, યુનિ.એ પરીક્ષા યોજવી પડશેઃ સુપ્રિમ કોર્ટ

**જે રાજ્ય ૩૦ સપ્ટેમ્બર સુધી અંતિમ વર્ષની પરીક્ષા યોજવા ઈચ્છુક નથી, તેમણે યુજીસીને તેની જાણકારી આપવી પડશેઃ સુપ્રિમ કોર્ટ**

(ન્યુ દિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટએ યૂજીસીના નિર્ણયને બરકરાર રાખતાં કહ્યું છે કે અંતિમ વર્ષની પરીક્ષાઓ ૩૦ સપ્ટેમ્બર સુધી યોજવામાં આવે. કોર્ટે કહ્યું કે, રાજ્ય અંતિમ વર્ષની પરીક્ષાઓ વગર સ્ટુડન્ટ્સને પ્રમોટ ન કરી શકે. આદિત્ય ઠાકરેની યુવા સેના સહિત અનેક અરજીઓમાં કોરોના વાયરસ સંકટની વચ્ચે પરીક્ષાઓ રદ કરવાની માંગ કરવામાં આવી હતી. અરજીઓમાં સ્ટુડન્ટ્સની સામે આવનારા પડકારોનો હવાલો આપતાં કહેવામાં આવ્યું છે કે તમામ શૈક્ષણિક સંસ્થાન વાયરસના સંકટના કારણે બંધ છે,

માંગ કરવામાં આવી હતી કે તેના કારણે પરીક્ષા રદ કરી દેવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાજ્યોએ સ્ટુડન્ટ્સને પ્રમોટ કરવા માટે પરીક્ષા આયોજિત કરવી જોઈએ.

કોર્ટે કહ્યું કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિનિયમ હેઠળ રાજ્યોમાં મહામારીને જોતાં પરીક્ષાઓ સ્થગિત કરવામાં આવી શકે છે અને તારીખ નક્કી કરવા માટે યુજીસીની સલાહ લેવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે, જે રાજ્ય ૩૦ સપ્ટેમ્બર સુધી અંતિમ વર્ષની પરીક્ષા યોજવા ઈચ્છુક નથી, તેમણે યુજીસીને તેની જાણકારી આપવી પડશે.

જસ્ટિસ અશોક ભૂષણની અધ્યક્ષતાવાળી બેન્ચે પોતાનો ચુકાદો સંભળાવ્યો જેને ૧૮ ઓગસ્ટે આ વિષય પર પોતાનો ચુકાદો સુરક્ષિત રાખી લીધો હતો. અરજીમાં તર્ક આપવામાં આવ્યો હતો કે સ્ટુડન્ટ્સે પાંચ સેમેસ્ટર પૂરા કર્યા છે અને તેમના ક્યૂમીલેટીવ ગ્રેડ સીજીપીએના આધાર પર ફાઈનલ યરનું પરિણામ જાહેર કરી શકાય છે. યુજીસીએ સપ્ટેમ્બરના અંત સુધી પરીક્ષાઓ આયોજિત કરવાનો આદેશ આપ્યો હતો. યુજીસીએ તર્ક આપ્યો હતો કે પરીક્ષા સ્ટુડન્ટ્સના શૈક્ષણિક ભવિષ્યની રક્ષા કરવા માટે યોજવામાં આવી રહી છે અને પરીક્ષાઓ વગર ડિગ્રી ન આપી શકાય.




### દેશમાં કોરોનાના દર્દીઓની કુલ સંખ્યા વધીને ૩૩,૮૭,૫૦૦ થઈ છે

# દેશમાં કોરોનાના કેસ ૩૩ લાખને પાર: ૨૪ કલાકમાં ૭૭,૨૬૬ નવા કેસ

ન્યુ દિલ્હી,તા.૨૮

નવી દિલ્હીઃ કોરોના વાયરસના સંક્રમણનો પ્રકોપ ભારતમાં દિવસે ને દિવસે વધતો જઈ રહ્યો છે. શુક્રવારે કોરોના વાયરસે અગાઉના તમામ રેકોર્ડ તોડી દીધા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ૭૭,૨૬૬ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧,૦૫૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. ભારતમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૩,૮૭,૫૦૧ થઈ ગઈ છે.



ઉલ્લેખનીય છે કે, દેશમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૨૫ લાખ ૮૩ હજાર ૯૪૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે.હાલ ૭,૪૨,૦૨૩ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૬૧,૫૨૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.વિશેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૭ ઓગસ્ટ સુધીમાં દેશમાં કુલ ૩,૯૪,૭૭,૮૪૮ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, ગુરુવારના દિવસે ૨૪ કલાકમાં ૯,૦૧,૩૩૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બીજી તરફ, ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં વધારો યથાવત્ રહ્યો છે. રાજ્યમાં સંક્રમિત મંત્રીઓ અને ધારાસભ્યોની કુલ સંખ્યા ૨૯ થઈ ગઈ છે. રાજસ્થાનના સીએમ ઓફિસના ૧૦ સ્ટાફકર્મીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી મુખ્યમંત્રી અશોક ગેહલોતે સતકર્તાના ભાગ રૂપે તમામ બેઠકોને રદ કરી છે. ઉત્તરપ્રદેશ સરકારના કેબિનેટ મંત્રી સિદ્ધાર્થનાથ સિંહ પણ કોરોના સંક્રમિત થયા છે. આ માહિતી તેમણે ટ્વિટ કરીને આપી છે.

# ભારતમાં ઓક્સફોર્ડ યૂનિના બીજા અને ત્રીજા ચરણનું ક્લીનિકલ ટ્રાયલ શરૂ

ન્યુ દિલ્હી,તા.૨૮

દુનિયા ભરમાં કોરોનાની રસી બનાવવામાં આવી રહી છે. ત્યારે ભારતમાં ઓક્સફોર્ડ યૂનિવર્સિટીના બીજા અને ત્રીજા ચરણનું ક્લીનિકલ ટ્રાયલ શરુ થઈ ગયું છે. આ ટ્રાયલ પુણેની ભારતીય હોસ્પિટલમાં શરુ કરવામાં આવ્યું છે. જ્યાં ૨ લોકોને આનો પહેલો ડોઝ આપવામાં આવ્યો છે. જેમાંથી એક ૪૮ વર્ષીય વોલેન્ટિર પુણાના એક ખાનગી હોસ્પિટલમાં ગાયનેકોલોજિસ્ટ છે અને બીજો વોલેન્ટિયર ૩૨ વર્ષનો એક ડોક્ટરેટ છે. જે એક ખાનગી કંપનીમાં કામ કરે છે. રસીનો પહેલો ડોઝ ૩૨ વર્ષીય યુવકને બુધવારે બપોરે ૧.૩૫ વાગે આપવામાં આવ્યો. જ્યારે બીજાને ૧૫ મિનિટ પછી એટલે કે ૧.૫૦ વાગે આપવામાં આવ્યો. કોવિશીલ્ડનો ડોઝ લેનાર ૪૮ વર્ષીય ગાયનેકોલોજિસ્ટ સ્વાઈન ફ્લૂ સમયે તેની રસીના ક્લિનીકલ ટ્રાયલમાં વોલેન્ટિયર રહી ચૂક્યો છે. રસીના ટ્રાયલ સમયે ઘણી ભીડ જોવા મળી હતી. પુણેની ૪ જગ્યાઓ પર ૨૫૦-૩૦૦ વોલેન્ટિયર આવ્યા હતા. જેમાંથી કેટલાકનું સિલેક્શન કરવામાં આવ્યું છે.

વોલેન્ટિયર ગાયનેકોલોજિસ્ટે કહ્યું કે હું આ ટ્રાયલમાં ભાગ લેવા માટે ઉત્સાહિત નહોતો . કેમ કે મે આ વાયરસથી અનેકને મરતા જોયા છે. પણ વાયરસ સામે લડવાનો આ એક માત્ર વિકલ્પ હતો. ભારતી વિદ્યાપીઠના સ્વાસ્થ્ય વિજ્ઞાન વિભાગના કાર્યકારી ડિરેક્ટર ડો. સંજય લાલવાનીએ કહ્યું કે મંગળવારે ૫ વોલેન્ટિયર્સની તપાસ કરવામાં આવી હતી. જેમાં આરટી-પીસીઆર અને એન્ટીબોર્ડી ટેસ્ટ કરવામાં આવ્યા છે.

૩માં એન્ટિબોડી જોવા મળી છે. એટલે કે તેઓ પહેલા સંક્રમિત રહ્યા છે. ડો. અસ્મિતા જગતાપે કહ્યુંકે આ સંસ્થામાં ગત ૧૫ વર્ષ ૫૦ થી વધારે ક્લિનીકલ ટ્રાયલ થઈ ચૂક્યા છે. આ રસીના ટ્રાયલ ૧૬૦૦ લોકો પર કરવામાં આવશે. ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા અને રાષ્ટ્રીય ડ્રગ્સ રેગ્યુલેટરીએ ૩ ઓગસ્ટના રોજ પુણાને સીરમ ઈન્સ્ટીટયૂટ ઓફ ઈન્ડિયાને ભારતમાં આ રસીને બીજી- ત્રીજા ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી આપી દીધી છે. ઝરછ૬૬ટ૧ હર્ઝફ-૧૯ રસીનું હ્યુમન ટ્રાયલ બ્રાજીલ, દ. આફ્રિકા અને યુકેમાં પહેલાથી થઈ રહ્યુ છે. ઓક્સફોર્ડ યૂનિના શોધકર્તાઓએ ગત મહિને જાહેરાત કરી હતી કે આ ટ્રાયલમાં રસીથી ઈમ્યુનિટિ રિસ્પોન્શ ડબલ મળી રહ્યો છે અને સુરક્ષિત પણ છે.

# પંજાબ રાજ્યમાં સાંજના ૭થી સવારના ૫ સુધી સંપૂર્ણ કર્ફ્યુ કરાયું જાહેર

પંજાબ,તા.૨૮

પંજાબમાં કોરોના વાઈરસનું સંક્રમણ રોકવા માટે રાજ્યમાં ફરીથી લોકડાઉન લગાવ્યું છે. પંજાબમાં હવેથી દરરોદ રાત્રે ૭ થી સવારે ૫ વાગ્યા સુધી લોકડાઉન રહેશે. પંજાબમાં પહેલાથી જ કલમ ૧૪૪ લાગૂ છે. પંજાબમાં વિધાનસભા સત્ર પહેલા કોરોના પોઝિટિવ ધારાસભ્યોની સંખ્યામાં વધારો થયો છે. હવે રાજ્યમાં ૨૯ ધારાસભ્ય કોરોનાની ચપેટમાં છે. મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે ગુરુવારે દરેક ધારાસભ્યોને અપીલ કરી છે કે કોરોના પોઝિટિવ ધારાસભ્યો અને મંત્રીઓના સંપર્કમાં આવનારા સભ્યો કાલે એક દિવસીય વિધાનસભામાં ભાગ ના લે.

# કોરોના અને પૂરને કારણે બિહાર વિધાનસભા ચૂંટણી હાલ ન કરવાની માગ કરતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

ન્યુ દિલ્હી,તા.૨૮

કોરોના વાયરસ અને પૂરને કારણે બિહાર વિધાનસભા ચૂંટણી હાલમાં ન કરવાની માગ કરતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હાલમાં ચૂંટણી પંચે તારીખ નક્કી કરતાં નોટિફિકેશન બહાર પાડ્યું નથી. પંચ સ્થિતિ અનુસાર યોગ્ય નિર્ણય લેવા માટે સક્ષમ છે. અવિનાશ ઠાકુર નામના અરજીકર્તાએ કહ્યું હતું કે, કોરોના અને પૂરને ધ્યાનમાં રાખતા હાલમાં બિહારમાં ચૂંટણી કરાવવાની સ્થિતિમાં નથી. સુપ્રીમ કોર્ટે ચૂંટણીનો નોટિફિકેશન બહાર પડ્યા પહેલા દાખલ કરવામાં આવેલ આ અરજીને સાંભળવાની ના પાડી દીધી. નોંધનીય છે કે, ચાલુ વર્ષે ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં બિહાર વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. જેને લઈને સુપ્રીમ કોર્ટમાં આ અરજી કરવામાં આવી હતી.

# જે કોઈ પણ કૉંગ્રેસનું હિત ઈચ્છે છે તે તેમના 'અસહમતિ પત્ર'નું સ્વાગત કરશેઃ આઝાદ

નવી દિલ્હી,તા.૨૮

રાજસ્થાનનું રાજકીય ઘમાસાણ ઉકેલાયે હજુ થોડાક જ દિવસો થયા છે ત્યારે હવે લેટર બોમ્બએ કૉંગ્રસને હલાવીને રાખી દીધી છે. ૭ કલાક ચાલેલી કૉંગ્રસ વર્કિંગ કમિટી બેઠક બાદ પણ પાર્ટી પોતાના નેતાઓને સંતુષ્ટ કરવામાં સફળ રહી હોય તેવું નથી લાગી રહ્યું. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલાબ નબી આઝાદએ પાર્ટી નેતાઓને કહ્યું છે કે જે કોઈ પણ કૉંગ્રેસનુ હિત ઈચ્છે છે તે તેમના 'અસહમતિ પત્ર'નું સ્વાગત કરશે. કૉંગ્રેસ તરફથી ભલે કહેવામાં આવી રહ્યું હોય કે તેઓએ ગુલાબ નબી આઝાદને સમજાવી લીધા છે, જોકે તેઓએ ફરી એકવાર ભાર મૂકતાં કૉંગ્રેસ વર્કિંગ કમિટીની નવેસરથી ચૂંટણી કરવાની વાત કહી છે.

ગુલાબ નબી આઝાદે કહ્યું કે, કૉંગ્રેસના આંતરિક કામકાજમાં જે કોઈને પણ રસ હશે તેઓ અમારા આ પ્રસ્તાવને સમર્થન આપશે. અમે ઈચ્છીએ છીએ કે પાર્ટીને જો મજબૂત કરવી છે તો દરેક રાજ્ય અને જિલ્લામાં અધ્યક્ષ નિયુક્ત હોવા જોઈએ. તેઓએ કહ્યું કે સંગઠનને મજબૂત કરવા માટે સમગ્ર કૉંગ્રેસ કાર્યસમિતિની ચૂંટણી કરાવવી જોઈએ. આઝાદે વધુમાં કહ્યું કે, ચૂંટણી કરાવવાનો લાભ એ રહેશે કે જ્યારે તમે ચૂંટણી જીતો છો તો ઓછામાં ઓછા પાર્ટીના ૫૧% સભ્યો આપની સાથે ઊભા હોય છે.

અધ્યક્ષ બનનારા વ્યક્તિને એક ટકા સમર્થન પણ નથી મળી શકતું. જો સીડબલ્યૂસી સભ્ય ચૂંટાઓ છો તો તેમને હટાવી નથી શકાતા. તેમાં સમસ્યા શું છે? ગુલાબ નબી આઝાદે કહ્યું કે, રાહુલ ગાંધીને પાર્ટીના સુધાર માટે અમે જે સૂચનો કર્યા હતા તેનાથી તકલીફ થઈ.

### હવે મોબાઈલ નંબરની જેમ પોર્ટ કરી શકાશે રાશનકાર્ડ

# વન નેશન વન રેશનકાર્ડ યોજના લાગુ કરવામાં આવી

ન્યુ દિલ્હી,તા.૨૮

મોબાઈલ નંબર પોર્ટેબિલીટી (એમએનપી) ની જેમ હવે રાશનકાર્ડ પણ પોર્ટ કરી શકાય છે. તમારો નંબર મોબાઈલ નંબરમાં બદલાતો નથી અને તમે તેનો ઉપયોગ દેશભરમાં કરી શકો છો. એ જ રીતે, તમારું રાશનકાર્ડ પોર્ટેબીલીટીમાં બદલાશે નહીં. આનો અર્થ એ છે કે જો તમે એક રાજ્યથી બીજા રાજ્યમાં જાઓ છો, તો પછી તમે તમારા રાશનકાર્ડનો ઉપયોગ કરીને બીજા રાજ્યમાંથી સરકારી રાશન ખરીદી શકો છો.

રેશનકાર્ડ પોર્ટેબિલીટી માટે પીડીએસ શોપ્સ પર ઈલેક્ટ્રોનિક્સ પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસ સાથે ચકાસણી કરવામાં આવે છે. જો સરળ શબ્દોમાં કહીએ તો, લાભાર્થીઓને તેમના આધાર કાર્ડ પર ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસ દ્વારા ઓળખવામાં આવે છે. આ માટે ચકાસણી સમયે રેશનકાર્ડ અને આધારકાર્ડ સાથે હોવું જરૂરી છે. તમારી ચકાસણી આધાર નંબરથી કરવામાં આવી છે મહારાષ્ટ્રમાં પણ જુદા જુદા રાજ્યોથી આવતા રેશનકાર્ડ ધારકોને રાશન મળશે. અન્ન પુરવઠા વિભાગના નિયંત્રક કૈલાશ પગારેએ આ માહિતી શેર કરી હતી. 'વન નેશન-વન રેશનકાર્ડ' યોજનામાં સમાવિષ્ટ ૨૩ રાજ્યોના રેશનકાર્ડ ધારકોને હવે મહારાષ્ટ્ર ટ્રાન્સફર કરવામાં આવશે. તેઓએ કહ્યું કે તેઓ પણ તેનો લાભ લઈ શકે છે.

માની લો કે રાજીવ કુમાર (કાલ્પનિક નામ) બિહારનો રહેવાસી છે અને તેનું રેશનકાર્ડ પણ બિહારનું છે. આ રેશનકાર્ડ દ્વારા તે ઉત્તર પ્રદેશ, દિલ્હી અથવા મુંબઈમાં સરકારી રાશન પણ વાજબી ભાવે ખરીદી શકે છે. તે સ્પષ્ટ છે કે નિયમોની કોઈ મર્યાદા અથવા બંધનકર્તા રહેશે નહીં. તે દેશના કોઈપણ રાજ્યમાં રેશન ખરીદી શકે છે. મહત્વની વાત એ છે કે આ માટે કોઈ નવા રેશનકાર્ડની જરૂર રહેશે નહીં. આનો અર્થ છે કે આ માટે ફક્ત તમારું જૂનું રેશનકાર્ડ માન્ય રહેશે.

ઘણા સમયથી એવી અનેક ફરિયાદો ઉઠી રહી છે કે જો રેશનકાર્ડ ધારકને દુકાનમાંથી રેશન મળી રહ્યું નથી, જો તે સિવાય અન્ય કોઈ જગ્યાએથી રેશન લેશે તો તેનું નામ ક્વોટાની દુકાનમાંથી કાપી નાખવામાં આવશે. એટલે કે, જો તે રાશન બીજી જગ્યાએથી લેશે, તો ક્વોટાની દુકાનમાંથી નામ કાપવામાં આવશે અને પછી રેશન મળશે નહીં. તેથી જ વન નેશન વન રેશનકાર્ડ યોજના લાગુ કરવામાં આવી છે. ગ્રાહકો તેમની સુવિધા મુજબ ગમે ત્યાંથી રેશન ખરીદી શકે છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૭૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૯૨૬૦૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૫૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૪૬૫૧**

# પ્રણવ મુખર્જીની તબિયત વધારે બગડી, સતત વેન્ટિલેટરના ટેકા પર

ન્યુ દિલ્હી,તા.૨૮

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની તબિયત સતત બગડતી જાય છે. ડોકટરોના જણાવ્યા મુજબ, પ્રણવ મુખર્જી કોમામાં ગયા છે અને સતત વેન્ટિલેટરના ટેકા પર છે. આર્મી રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલે એક મેડિકલ બુલેટિન જારી કરતાં કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ છેલ્લા ૧૭ દિવસથી હોસ્પિટલમાં દાખલ છે અને મગજની સર્જરી બાદ તેઓ ગંભીર હાલતમાં પસાર થઈ રહ્યા છે. આર્મી રિસર્ચ અને રેફરલ હોસ્પિટલના અધિકારીઓએ કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને તેમના ફેફસામાં ચેપ લાગ્યો છે,

જેની સારવાર કરવામાં આવી રહી છે. ડોકટરોની ટીમે જણાવ્યું હતું કે પ્રણવ મુખર્જીની કિડનીની સ્થિતિ પણ મંગળવારથી ઠીક નથી. ડૉક્ટરોએ કહ્યું કે તેમની હાલત 'હીમોડાયનેમિકલી સ્થિર' છે. આનો અર્થ એ કે પ્રણવ મુખર્જીનું હૃદય યોગ્ય રીતે કાર્ય કરી રહ્યું છે અને શરીરમાં લોહીનું પરિભ્રમણ પણ સામાન્ય છે. તમને જણાવી દઈએ કે, પ્રણવ મુખર્જીને ગયા અઠવાડિયે ફેફસાંના ઈન્ફેક્શનની ફરિયાદ મળી હતી,

ત્યારબાદ તેમની હાલત વધુ ખરાબ થઈ ગઈ હતી. નિષ્ણાંત ડોકટરોની ટીમ સતત તેમનું નિરીક્ષણ કરી રહી છે. જણાવી દઈએ કે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ૧૦ ઓગસ્ટની બપોરે સર્જરી માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તે કોરોના પોઝિટિવ હોવાનું જણાયું હતું, ત્યારબાદ તેની તબિયતમાં કોઈ સુધારો થયો નથી.

## તંત્રી સ્થાનેથી...

# ભાજપા પ્રમુખ સ્વાગતની શીખઃ નવરાત્રિ શેરી- મહોલ્લા ગરબા માટે છૂટ આપવામાં આવશે કે કેમ....?!

કોરોના મહામારીને કારણે દેશભરમાં મોટા ભાગના જરૂરી ક્ષેત્રો સિવાય છૂટછાટ મંજુરી આપી નથી. કારણકે જેને છૂટછાટ આપેલ નથી તેવા સ્થાનો પર મોટી સંખ્યામાં લોકો એકઠા થાય અને તેમાં એકાદ કોરોના સંક્રમિત હોય તો અનેક લોકો તેનો ભોગ બને.... એટલે સરકારે મર્યાદામાં કેટલાંક ક્ષેત્રોને છૂટછાટ આપી છે. ત્યારે બીજી તરફ રાજકીય કાર્યક્રમોમાં કાયદા પાલનમાં છૂટછાટ મળી હોય તેવી સ્થિતિ બની ગઈ છે.....! ગુજરાતમાંતો નવનિયુક્ત સાંસદ શ્રી આર.સી પાટીલની ભાજપા પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્તિ થયા બાદ સૌરાષ્ટ્રમાં તેઓનું જે પ્રકારે ભવ્ય સ્વાગત થયું, શાહી ભોજન કાર્યક્રમ યોજાયો, ગરબા યોજાયા તેમાં જે રીતે મોટી સંખ્યામાં કાર્યકરો, સ્થાનિક નેતાઓ ઉપસ્થિત થયા અને તેમાં પણ અનેકોએ માસ્ક કે ડિસ્ટન્સ જાળવવાની ઐસી તૈસી વગેરે સ્પષ્ટ દેખાઈ આવતું હતું..... જેને કારણે પ્રજામાં ભારે ઉહા પોહ મચી ગયો છે..... કારણ કે મૃત્યુ વિધિ, લગ્ન પ્રસંગ વગેરેમા માસ્ક,ડિસ્ટન્સ જાળવવાનું ફરજિયાત છે ...તો જે તે તમામ મંદિરો દેરાસરો, ઉપાશ્રયોમાં દર્શન માટે સમય મર્યાદા સાથે માસ્ક, **distance** ના નિયમોનુ પાલન ફરજીયાત... અને તેમાં પણ પૂજા વિધિ કરવાની નહી તેવી શરતો....

તાજેતરમાં જ શ્રાવણ મહિનો ગયો ક્યાંય પણ લોકમેળા માટે મંજૂરી નહીં, મંદિરો એકાદ કલાક ખોલવાના પરંતુ આ નિયમોનું પાલન ફરજીયાત તો અનેક મંદિરોમાં પ્રવેશ પર પાબંદી હતી, ગણપતિ મહોત્સવ,દશામા નવરાત્રી, રામદેવ નવરાત્રી,વગેરેમા ક્યાય પણ મૂર્તિનુ જાહેર સ્થાપન નહીં કરવાનું ફરજિયાત, ટોળાબંધ દર્શને એકઠા નહીં થવાનું તથા શોભાયાત્રા પણ નહીં કાઢવાની... એટલે ભાજપા પ્રદેશ પ્રમુખનું સૌરાષ્ટ્ર વિસ્તારમા જે પ્રમાણે સ્વાગત થયું, ગરબા કાર્યક્રમો, રેલી વગેરે યોજાયા તેના કારણે પ્રજામાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે......! ત્યારે પોલીસ માસ્ક વગરના ને દંડ ફટકારે છે,ડિસ્ટન્સ ન જળવાય તો ધંધા-રોજગાર બંધ કરાવતી તે પોલીસે તો આ નેતાના એક પણ કાર્યક્રમમાં નિયમ ભંગ બદલ ના તો કોઈ પણને દંડ કર્યો કે ના કોઈ પગલાં લીધા... ત્યારે નવરાત્રી નજીકના દિવસોમા આવી રહી છે એટલે લોકો શેરી- મહોલ્લા ગરબા માટે મંજૂરી માટે માગણી કરનાર છે....! જો આપી દેવામાં આવે તો ભાજપા માટે ઘણું સારું રહેશે.... અને જો નહીં આપે તો સરકાર સામે આક્રોશ વધી જશે.....!?

તાજેતરમાં અંબાજી દર્શનાર્થે સંઘો પગપાળા નીકળે છે,તો લોકો પણ વ્યક્તિગત કે સર્કલમાં પર યાત્રા કરતા જતા હતા તેના પર પાબંદી છે... તો અંબાજી મંદિર ટોટલી આમ પ્રજા માટે બંધ રાખવામાં આવ્યું છે. પરંતુ ભાજપાના પ્રદેશ પ્રમુખ પાટીલ ભાઉ દર્શન કરવા માટે આવવાના છે એટલા માટે બે દિવસ પહેલા મંદિર ખુલશે. પરંતુ માત્ર તેમના માટે જ....ત્યારે શ્રધ્ધાળુઓ આતરિક ચર્ચા સાથે સવાલો કરી રહ્યા છે કે આ કેવો કાયદો....? આપણી ભાજપાની સરકાર છે અને માત્ર પ્રજાએ જ આ કાયદાનો અમલ કરવાનો.....? નેતાઓને બધી છૂટ.... ગજબ છે આ સરકાર......!

ગત લેખમા સાંસદો, ધારાસભ્યો, નેતાઓ પાછળ થતા ખર્ચ બાબતે લેખમાં દર્શાવેલ્... પરંતુ સાંસદ, ધારાસભ્યોના પગાર,ભથ્થા કેટલા... તેવું અનેકોએ પૂછાણ કરેલ.... તો આપણા એક સાંસદને પ્રતિમાસ પગાર ભથ્થા સહિત વિવિધ સવલતો માટે રૂપિયા ૫ લાખ મળે છે. અને દેશમાં અત્યારે બંને ગ્રહોના મળીને ૭૭૬ સાંસદ છે. જ્યારે દેશભરના રાજ્યોમાં લોકોએ ચૂટેલા ૪૫૮૨ ધારાસભ્યો છે. ગુજરાતમાં એક ધારાસભ્યને દર મહિને પગાર ભથ્થા સહિત રૂ ૧,૧૦,૩૧૬ મળે છે જેમા મૂળ પગાર ૭૮,૮૦૦ અને મોંઘવારી ભથ્થુ રૂ.૫,૫૧૨ અંગત મદદનિશ માટે પગાર માટે ૨૦ હજાર રૂપિયા,સ્ટેશનથી ખર્ચના રૂપિયા ૫,૦૦૦ મળે છે.ટેલીફોન ભથ્થું રૂ.૭,૦૦૦ જ્યારે સરકારમાં મંત્રીઓને પગાર ભથ્થાના રૂપિયા ૧, ૩૨, ૩૯૫ મળે છે. રાજ્યમાં નિવૃત ધારાસભ્યોની સંખ્યા અંદાજે ૪૦૦ જેટલી છે.. તેઓને પણ નિવૃત્તિ પેન્શન પ્રતિમાસ ૨૦,૦૦૦ની માંગ કરી છે... કારણ કે લોકસભાના પૂર્વ સભ્યોને ૧૯૯૧થી પેન્શન મળે છે..... ટૂંકમાં મોંઘવારી ધારાસભ્યો, સાંસદો, નેતાઓને નડે છે......! કોમન મેનને નહી....!? વાહ રે વાહ આતો ×દલા તરવાડી જેવી વ્યવસ્થા×......!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૯-૮-૨૦૨૦, શનિવાર, ભાદરવા સુદ-૧૦
સૂર્યોદય-૬-૩૦, સૂર્યાસ્ત-૭-૦૭, જૈન નવકારશી-૭-૧૭,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૦૪ થી શુભ-૯-૩૯ સુધી, ૧૨-૪૮થી ચલ-લાભ-અમૃત-૧૭-૩૧ સુધી, ૧ ૯-૦૫ થી લાભ-૨૦-૩૧ સુધી, ૨૧-૫૬ થી શુભ-અમૃત-ચલ-૨૬-૩૧ સુધી

**- શુભ હોરા-**

૭-૩૩ થી ૮-૩૬ સુધી, ૧૦-૪૨ થી ૧૩-૫૦ સુધી, ૧૪-૫૩ થી ૧૫-૫૬ સુધી, ૧૮-૦૨થી ૨૦-૫૯ સુધી

# શેરબજારમાં સેન્સેક્સ ૩૫૪ પોઈન્ટ વધીને ૩૯૪૬૭ની નજીક અને નિફ્ટી ૧૧૬૪૮ પર બંધ

મુંબઈ,તા.૨૮

સ્થાનિક શેરબજારમાં વૃદ્ધિ યથાવત છે. વિદેશી બજારોના મિશ્ર સંકેતો વચ્ચે ભારતીય શેરબજાર આજે બેક્રિંગ શેરોમાં વધારાના સ્ટાન્ડર્ડથી સતત સાતમા સત્રમાં વધારા સાથે બંધ રહ્યો. સેન્સેક્સ છેલ્લા સાત દિવસમાં ૧૨૪૭ પોઈન્ટ વધ્યો છે. ૨૭ ફેબ્રુઆરી પછી સેન્સેક્સનું આજનો ક્લોઝિંગ લેવલ સૌથી ઉંચો છે. ૨૮ ફેબ્રુઆરીએ બજારમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. કોરોના કટોકટીને કારણે સેન્સેક્સ આ દિવસે લગભગ ૧૫૦૦ પોઈન્ટ ગુમાવ્યો હતો, જેના કારણે બજારમાં તે સમયથી સતત ઘટાડો થઈ રહ્યો છે. આજના કારોબારમાં સેન્સેક્સ ૩૫૪ પોઈન્ટ વધીને ૩૯૪૬૭ ની નજીક અને નિફ્ટી ૮૮ પોઈન્ટ વધીને ૧૧૬૪૮ પર બંધ થયો.

આજે સતત પાંચમા સત્ર માટે સેક્ટર ઈન્ડેક્સ બંધ થતાં બેક્રિંગ શેરોમાં તેજી જોવા મળી રહી છે. સરકાર દ્વારા આવતા સમયમાં રાહતની આશાને કારણે શેર બજારમાં ઉછાળો જોવા મળ્યો છે. બીજી તરફ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવા હેવીવેઈટ શેરોમાં સતત વૃદ્ધિથી સમગ્ર ઈન્ડેક્સને ફાયદો થઈ રહ્યો છે. રિઝર્વ બેંક અને સરકાર સતત સંકેત આપી રહી છે કે તેમના રાહતનાં પગલા હજી પૂરા થયા નથી, જોકે સમય આવશે ત્યારે તેઓ તેની જાહેરાત કરશે. આ સાથે, કોરોના કેસોમાં વધારો થવા છતાં ગંભીર કેસોની સંખ્યામાં નિયંત્રણ હોવા છતાં,

રોકાણકારોની રોગચાળોનો ભય પણ નીચે આવી રહ્યો છે, આ રસી સાથે જોડાયેલા સમાચારો પણ રોકાણકારોને રાહત આપી રહ્યા છે. આજના બિઝનેસમાં બેક્રિંગ સેક્ટરના ઈન્ડેક્સમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો છે, આજે બેક્રિંગ સેક્ટર ઈન્ડેક્સ ૪ ટકાથી વધુના વધારા સાથે બંધ રહ્યો છે. તો નાણાકીય સેવાઓ ક્ષેત્રમાં પણ ૨ ટકાનો વધારો થયો છે. આજના કારોબારમાં ઈન્ડસઈન્ડ બેંકમાં ૧૨ ટકાનો વધારો થયો છે, જ્યારે ફેડરલ બેંકમાં ૮.૧૧ ટકા, એક્સિસ બેંકમાં ૭.૮૭ ટકાનો વધારો થયો છે.

# બીમારીના કારણે જાપાનના પ્રધાનમંત્રી શિંજો આબેએ આપ્યું રાજીનામું



ટોક્યો,તા.૨૮

જાપાનના પ્રધાનમંત્રી શિંજો આબેએ રાજીનામું આપી દીધું છે. છેલ્લા કેટલાય સમયથી તેઓ બીમાર છે અને થોડા સમય પહેલા તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આબેનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૨૧માં પૂર્ણ થવાનો હતો. સોમવારે શિંજો એબે જાપાનમાં સૌથી લાંબા સમય સુધી વડા પ્રધાન પદ પર રહેવાનો રકૉર્ડ તોડી ચૂક્યા હતા. કોરોના વાઈરસની મહામારીમાં કામગીરી મામલે વડા પ્રધાન શિંજો આબેની ટીકા થઈ રહી હતી. તે સિવાય તેમના પક્ષના સભ્યો પર લાગેલા સ્કેન્ડલના આરોપોને કારણે પણ તેમના પર સતત આરોપો થતા હતા. શિંજો આબેના સમયમાં જ ભારત વચ્ચે સારા સંબંધો સ્થપાયા છે. આબે એ મોદીના ખાસ મિત્ર છે. જાપાનમાં શરૂઆતના સમયમાં કોરોના વાયરસનું સંકટ યથાવત રહ્યું હતું,

પરંતુ હાલના સમયમાં હાલાત કંઈક હદ સુધી ઠીક છે. જાપાની મિડીયાના અનુસાર શિંજો આબેની તબિયત સતત લથડી રહી છે. આ કારણે તેઓ કાર્ય પર ધ્યાન આપી નથી રહ્યા, તેઓ શુક્રવારે રાજીનામુ આપી શકે તેવી અટકળો સેવાઈ રહી છે. એ સાચી પડી છે. જાપાનના એનએચકે ટેલિવિઝન અને અન્ય મીડિયા અનુસાર, જાપાની વડાપ્રધાન શિન્ઝો આબેએ પોતાની બગડતી તબિયતનો હવાલો આપતા પદ છોડવાનો ઈરાદો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષ ૨૦૦૭માં શિન્ઝો આબેએ પોતાના સ્વાસ્થ્યના કારણે અચાનક પહેલા કાર્યકાળમાં રાજીનામુ આપી દીધું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી શિંજો આબેની તબિયતને કારણે ઘણી અટકળો લગાવવામાં આવી રહી હતી.

કારણે તેઓ કાર્ય છોડીને બે વખત હોસ્પિટલમાં દાખલ થયા હતા, ત્યારે તેમના રાજીનામાની વાત સતત સામે આવી રહી છે.જે આજે સાચી પડી છે. આ પહેલા જ્યારે ૧૮ ઓગસ્ટના રોજ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે લગભગ ૭ કલાક સુધી તેમની તબીબી તપાસ ચાલી હતી. આ દરમિયાન મીડિયામાં અનેક પ્રકારની અટકળો લાગવા લાગી હતી ત્યારે હવે પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા અટકળોને લઈને સ્પષ્ટતા કરવામાં આવી છે. આ પહેલા પણ બિમારીઓના કારણે વર્ષ ૨૦૦૭માં શિંજો આબેએ થોડાક સમય માટે બ્રેક લીધો હતો. ત્યારે તેમના પ્રધાનમંત્રી કાર્યકાળના શરૂઆતના દિવસો હતા. ઉલ્લેખનીય છે કે શિંજો આબે વર્ષ ૨૦૧૨થી સતત જાપાનના પ્રધાનમંત્રી પદ પર યથાવત રહ્યા છે. આ પહેલા તેઓ ૨૦૦૬ના વર્ષમાં થોડાક સમય માટે દેશના પીએમ બન્યા હતા.

# રામદાસ આઠવલે સુશાંતના પિતા-બહેનને મળ્યા, કહ્યું- 'આ આત્મહત્યા નથી પરંતુ હત્યા છે'



ન્યુ દિલ્હી,તા.૨૮

ફિલ્મ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મોત કેસમાં તપાસ એજન્સીઓ સતત પૂછપરછ કરી રહી છે. આ બધા વચ્ચે રાજકીય નિવેદનો પણ અપાઈ રહ્યાં છે. કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ આજે હરિયાણાના ફરિદાબાદમાં સુશાંતના પિતા કે કે સિંહ સાથે મુલાકાત કરી. મુલાકાત બાદ રામદાસ આઠવલેએ કહ્યું કે સુશાંતનું મોત એ આત્મહત્યા નહીં પરંતુ હત્યા છે. હરિયાણાના ફરિદાબાદમાં આજે કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ સુશાંતના પિતા કે કે સિંહ અને બહેન રાની સિંહ સાથે મુલાકાત કરી.

તેમણે કહ્યું કે મને લાગે છે કે સુશાંતનું મોત આત્મહત્યા નહીં પરંતુ હત્યા છે. સુશાંતના પરિવારે ન્યાયની માગણી કરી છે. સીબીઆઈ જે તપાસ કરી રહી છે તેનાથી હાલ સુશાંતનો પરિવાર સંતુષ્ટ છે. અત્રે જણાવવાનું કે કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે અગાઉ ભાજપ, જેડીયુ અને બિહારના અન્ય નેતાઓ પણ આ કેસમાં નિવેદન આપી ચૂક્યા છે. રામદાસ આઠવલે અગાઉ સુશાંતના પિતાએ પણ હત્યાનો શક વ્યક્ત કર્યો હતો. તેમણે રિયા ચક્રવર્તી પર આરોપ લગાવ્યો હતો અને કહ્યું કે રિયાએ ઝેર આપીને તેમના પુત્રની હત્યા કરી છે.

આ ઉપરાંત સુશાંતની બહેનો દ્વારા પણ સતત રિયા અને તેના પરિવાર પર ષડયંત્રનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. આ બાજુ રિયા ચક્રવર્તીને આજે સીબીઆઈએ પૂછપરછ માટે બોલાવી છે. તેની પૂછપરછ ચાલુ છે. મુંબઈના ડીઆરડીઓ ગેસ્ટ હાઉસ પર રિયાની પૂછપરછ સીબીઆઈના દિગ્ગજ ઓફિસર નૂપુર પ્રસાદ કરી રહ્યાં છે. તેમની સાથે સીબીઆઈના ઓફિસર અનિલ યાદવ પણ છે. નૂપુર એટલા તેજ ઓફિસર છે કે તેમની સામે રિયા કશું છૂપાવી શકશે નહીં. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

# એરલાઈન કંપનીઓને ખાદ્ય પીરસવાની છૂટ, માસ્ક કરાયું ફરજીયાત

ન્યુ દિલ્હી,તા.૨૮

ઘરેલું અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ મુસાફરો માટે ફરી ખુશખબર આવી છે. હવે પહેલાંની જેમ ભોજન પીરસવામાં આવશે. ઉડ્ડયન મંત્રાલયે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા એટલે કે એસઓપીમાં ફેરફાર કર્યો છે. જે બાદ એરલાઇન કંપનીઓને ખાદ્ય પીરસવાની છૂટ આપવામાં આવી છે. મુસાફરોને હવે પહેલાંની જેમ ફ્લાઇટ્સમાં હવાઈ મુસાફરી દરમિયાન પેકેજડ ફૂડ, નાસ્તા અને પીણાં પીરસવામાં આવશે. આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે એરલાઈન્સ હવે પ્રમાણભૂત નિયમો અનુસાર મર્યાદિત પીણા વિકલ્પોવાળા ગરમ ભોજનની સેવા કરી શકે છે. માસ્કને લઈને પણ કડક નિયમો ઘડાયા છે.

મુસાફરી સમયે, હવે જો કોઈ મુસાફરો મુસાફરી દરમિયાન માસ્ક પહેરવાનો ઈનકાર કરે છે, તો તેનું નામ પણ નો ફ્લાય લિસ્ટમાં મૂકી શકાય છે. આ સાથે સરકારે એરલાઈન્સ કંપનીઓને ડિસ્પોઝેબલ પ્લેટો, કટલરી અને સેટ અપ પ્લેટોનો ઉપયોગ કરવા જણાવ્યું છે, જે ફરીથી ઉપયોગમાં લેવામાં આવશે નહીં. ચા, કોફી અને અન્ય પીણા ડિસ્પોઝેબલ ગ્લાસમાં આપવામાં આવશે. આ સાથે, ક્રૂએ દરેક ભોજન અને પીણા સેવા માટે ગ્લોવ્સનો નવો સેટ પહેરવો પડશે. ખાદ્યપદાર્થોની ઘોષણાની સાથે, સરકારે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે ફ્લાઇટ મનોરંજનને પણ મંજૂરી આપી દીધી છે.

# કોરોના ઈફેક્ટઃ સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકાના GDPમાં જૂન ક્વાર્ટરમાં ઐતિહાસિક ૩૧.૭%નો ઘટાડો

*ન્યુ દિલ્હી,તા.૨૮*

કોરોના વાયરસ મહામારીના કારણે અમેરિકાની અર્થવ્યવસ્થામાં અત્યાર સુધીનો સૌથી મોટો ત્રિમાસિક ઘટાડો નોંધાયો છે. અમેરિકાના વાણીજ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં અર્થતંત્રમાં ૩૧.૭%નો ઘટાડો થયો છે. અગાઉ ૧૯૫૮માં અમેરિકન જીડીપીમાં ૧૦%નો ઘટાડો નોંધાયો હતો. આ વર્ષે જાન્યુઆરી-માર્ચના ત્રિમાસિક ગાળામાં ૫%નો ઘટાડો થયો હતો. અમેરિકામાં ફેબ્રુઆરીથી કોરોનાના કેસ આવવાના શરુ થયા હતા અને ત્યારબાદથી ત્યાં લાખો લોકોએ નોકરી ગુમાવી છે.

અર્થશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે અમેરિકાની ઈકોનોમીમાં હાલ તુરત રિકવરી આવવાની કોઈ અપેક્ષા નથી કેમકે કોરોનાનું સંક્રમણ ઘટ્યું નથી પણ સરકાર તરફથી મળતી રાહત અટકી ગઈ છે. ઓક્સફર્ડ ઈકોનોમિક્સના સિનિયર એનાલિસ્ટ લિડિયા બોસોરે કહ્યું કે, આપણી સામે ચાર મોટા પડકારો છે, આર્થિક રાહતનો અભાવ, ફ્લુની સિઝનમાં કોરોના સંક્રમણનો બીજો તબક્કો, ચુંટણીની અનિશ્ચિતતા અને ચીનની સાથે વધતા વ્યાપારિક તણાવ.

અમેરિકામાં દર સપ્તાહે લગભગ ૧૦ લાખ લોકો જોબલેસ બેનિફિટ માટે અરજી કરે છે, જ્યારે બેરોજગારોને મળતી સહાયમાં ઘટાડો થયો છે. ગ્રાહકોના વિશ્વાસમાં ઘટાડો થયો છે. શેરબજાર અને મકાનોના વેચાણમાં તેજી આવી છે. અર્થવ્યવસ્થા સ્થિર થવાના સંકેતો મળી રહ્યા છે અને લાખો લોકોને ભાડેના મકાનોમાંથી કાઢી નાખવાનો ભય છે.

# આતંકીઓ પર નિર્ણાયક કાર્યવાહી ન કરવી તે પાકિસ્તાનની દાનત સૂચવે છેઃ જયશંકર

સુરત,તા.૨૮

વિદેશમંત્રી એસ જયશંકરે આંતકવાદને કેંસર ગણાવ્યું હતું. તેમને કહ્યું હતું કે, આતંકવાદ કેંસર જેવો છે જે બધાને અસર પહોંચાડે છે. આ સાથે જ તેમણે આતંકવાદ મામલે પાકિસ્તાનને ખખડાવતા કહ્યું કે અનેક દેશ જે આતંકી ગતિવિધિઓને સમર્થન આપે છે અને આતંકી પેદા કરે છે તે પોતાને દુનિયાની સામે તેનો જ શિકાર હોવાનો દાવો કરે છે. જયસંકરે અંડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહિમને લઈને પણ પાકિસ્તાનને બરાબરનું ઠમઠોર્યું હતું. વિદેશ મંત્રીએ ૧૯માં દરબારી સેઠ મેમોરિયલ લેક્ચરમાં બોલતા આમ કહ્યું હતું. આતંકવાદી દાઉદ ઈબ્રાહિમ પર વિદેશમંત્રી એસ.જયશંકરે કહ્યું હ્તું કે, અનેક મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓ પાકિસ્તાનમાં હાજર છે. પાકિસ્તાને પોતે આતંકવાદીઓની હાજરીની વાત કબૂલી છે. આતંકવાદના કેન્સરથી બધા પ્રભાવિત છે. પાકિસ્તાન આતંકવાદીઓને શરણ આપે છે અને ટ્રેનિંગ આપીને તેમને ભારત મોકલે છે. પાકિસ્તાન આતંકવાદીઓ પર કાર્યવાહીને લઈને ગંભીર નથી.

પાકિસ્તાને આતંકી સંગઠનો, મોસ્ટ વોન્ટેડ વ્યક્તિઓ પર કોઈ વિશ્વસનીય કે નિર્ણાયક કાર્યવાહી કરી નથી. પાકિસ્તાનની દાનત પર સવાલ ઊભા થાય છે. દાઉદ ઈબ્રાહિમને લઈને તાજેતરમાં કરવામાં આવેલા ખુલાસા બાદ પાકિસ્તાન અને ખુદ દાઉદ બંનેના બેવડા ચહેરા છતાં થઈ ગયા છે. પાકિસ્તાને દાઉદને બચાવવા આઈએસઆઈએ તેને ઘરમાંથી બહાર ન નીકળવા માટેની સૂચના આપી દીધી છે.

આઈએસઆઈએ દાઉદ ઈબ્રાહિમના કરાચી ખાતેના ઘરની સુરક્ષા પણ વધારી દીધી છે. દાઉદ, પાકિસ્તાનની તમામ એજન્સીઓ પાસે પોતાની સુરક્ષા માટે ગુહાર લગાવી ચૂક્યો છે. પાકિસ્તાને પોતે જ ૮૮ આતંકીઓ અને આતંકી જુથોને પ્રતિબંધીત કર્યા હતાં. જેમાં દાઉદ ઈબ્રાહિમનું નામ, તેના કરાંચી ખાતેના ઘરના સરનામા જાહેર કર્યા હતાં.

# જનધન યોજનાના ૬ વર્ષ થયા પૂરા, ૪૦ કરોડથી વધારે ખુલ્યા ખાતા

ન્યુ દિલ્હી,તા.૨૮

મોદી સરકારની સૌથી મોટી યોજનાઓમાં એક પ્રધાનમંત્રી જનધન યોજનાને આજે ૬ વર્ષ પૂરા થયા છે. ૨૦૧૪માં પ્રધાનમંત્રી બનાવાની સાથે પીએમ નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ ૨૦૧૫ના જનધન યોજના લોન્ચ કરી હતી. જેનો ઉદેશ્ય લોકોના બેંક ખાતા ખોલાવવાનો હતો. આજે જ્યારે તેને ૬ વર્ષ પૂરા થયા તો પીએમ મોદીએ ટ્વિટ કરી લોકોને શુભચ્છાઓ આપી અને આ યોજનાથી જોડાયેલા કેટલાક તથ્યો તમામની સામે રજૂ કર્યા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના ટ્વિટમાં લખ્યું, આજથી ૬ વર્ષ પહેલા પ્રધાનમંત્રી જનધન યોજનાને લોન્ચ કરાઇ હતી, જેનો ઉદેશ્ય લોકોને બેક્રિંગ સિસ્ટમ સાથે જોડવાનો હતો. આ એક ગેમચેન્જર સાબિત થયું, જેને ગરીબીમાં ફસાયેલા લોકોને ફાયદો પહોંચાડવાનું કામ કર્યું. પીએમ મોદીએ વધુમાં લખ્યું, પ્રધાનમંત્રી જનધન યોજનાના કારણે કરોડો પરિવારોનું ભવિષ્ય સુરક્ષિત થયું છે. તેમાં મોટાભાગે ગ્રામીણ વિસ્તારના લોકો છે અને મહિલાઓ છે. જેમણે આ યોજના માટે કામ કર્યું છે, હું તેમનો આભાર વ્યક્ત કરું છું.



૧. ઓગસ્ટ ૨૦૨૦ સુધી આ યોજના અંતર્ગત ૪૦.૩૫ કરોડ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે.

૨. કુલ બેંક ખાતામાં ૫૫.૨ ટકા ખાતા મહિલાઓના નામે છે.

૩. જનધન યોજના અંતર્ગત ખોલવામાં આવેલા બેંક ખાતામાં ૬૪ ટકા ગ્રામીણ વિસ્તારના છે, બાકી ૩૬ ટકા શહેરના છે.

૪. તેમાં ઝીરો બેલેન્સથી ખાતુ ખોલાવી શકાય છે.

૫. આ યોજના અંતર્ગત ૨ લાખનો દુર્ઘટના વીમો મળે છે, જે એકદમ ફ્રી હોય છે.

૬. જનધન ખાતામાં હવે ડેબિટ કાર્ટ મળવાની સુવિધા પણ છે.

તમને જણાવી દઈએ કે, પીએમ ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સરકાર એપ્રિલ-જૂન ૨૦૨૦ દરમિયાન મહિલાઓના ખાતામાં ૩૦,૭૦૫ કરોડ રૂપિયા જમા કરવાશે. આ તે સમય છે જ્યારે કોરોના સંકટના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન લાગ્યું હતું. જનધન યોજના અંતર્ગત ૮ કરોડ લોકોને મોદી સરકાર ઘણી સ્કીમના પૈસા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા પહોંચાડે છે.

# ગ્રેટ અંદમાની જનજાતિના ૧૦ સભ્યોને કોરોના પોઝિટિવ આવતા ખળભળાટ

ન્યુ દિલ્હી,તા.૨૮

દેશમાં ઝડપથી ઘટતી ગ્રેટ અંદમાની જનજાતિના ૧૦ સભ્યોને કોરોના પોઝિટિવ આવ્યો છે. અધિકારીઓએ ગુરૂવારના રોજ આ માહિતી આપી. તેના લીધે દૂરસ્થ દ્વીપસમૂહમાં જનજાતિના લોકોની સુરક્ષાને લઇ ચિંતા વધી ગઇ છે. અધિકારીઓએ કહ્યું કે આ ૧૦ લોકોમાંથી ૬ લોકો વાયરસના સંક્રમણથી રિકવર કરી ચૂકયા છે અને તેમને હોમ ક્વારેન્ટાઇનમાં રખાયા છે. અન્ય ચાર લોકોની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ગ્રેટ અંદમાની જનજાતિના આ ૫૦ની આસપાસ લોકો જ આ સમયે જીવીત છે, આ નાના અંદમાન-નિકોબાર દ્વીપમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૨૨૬૮ કેસ નોંધાયા છે.

અધિકારીઓએ દ્વીપ સમૂહની રાજધાની પોર્ટ બ્લેયરમાં છ લોકો પોઝિટિવ મળ્યા બાદ રવિવારના રોજ સ્વાસ્થ્ય અધિકારીઓની ટીમ સ્ટ્રેટ આઇલેન્ડ મોકલ્યા હતા. જાનજાતિના કેટલાંક સભ્ય પોર્ટ બ્લેયરની યાત્રા કરે છે, તે ત્યાં નોકરી કરે છે.

અંદમાનમાં એક વરિષ્ઠ અધિકારી અવિજિત રે એ કહ્યું કે અમારી ટીમે ૩૭ સેમ્પલની તપાસ કરી હતી, તેમાંથી ગ્રેટ અંદમાની જનજાતિના ચાર સભ્યોનો રિપોર્ટ પોઝિટિવ મેળવવામાં આવ્યો છે. તેમણે હોસ્પિટલમાં દાખલ કરાયો છે. આદિવાસી કલ્યાણના એક વરિષ્ઠ સરકારી અધિકારી સંજીવ મિત્તલના મતે તમામ સભ્યોને સુરક્ષિત અને સ્વસ્થા રાખવાના પૂરા પ્રયાસ કરાઇ રહ્યા છે.

# સાહિત્ય સરિતા




બાળ વાર્તા નં .૪ કારીગર

બાળકો આપણાં જીવનમાં ઘણાં કારીગરો હોય છે.

| | |
|---|---|
| માટલા બનાવનાર | કુંભાર |
| લોંખડની ચીજો બનાવનાર? | લોહાર |
| લાકડાની ચીજો બનાવનાર? | સુથાર |
| બગીચા ની સંભાળ લેનાર? | માળી |
| સોનાના દાગીના બનાવનાર? | સોની/સોનાર |
| કપડાં સીવનાર | દરજી |
| રસોઈ બનાવનાર | રસોઇયો / મહારાજ |
| પૂજા કરનાર? | પૂજારી |
| દર્દીને તપાસી દવા આપનાર | દાક્તર/ ડોક્ટર |
| ભણાવનાર/જ્ઞાન આપનાર? | શિક્ષક/ગુરૂ |
| કથા કહેનાર | કથાકાર |
| લાકડા કાપનાર? | કઠિયારો |
| શાકભાજી વેચનાર? | કાછિયો |

આવા અનેક છે પેટ ભરવા ઘણી જ મહેનત કરતા હોય છે અને તેમના ધંધા પ્રમાણે ઓળખાતા પણ હોય છે. દરેક પર પંચતંત્ર પર વાર્તા પણ ને શીખવા જેવી શિખામણ પણ મળે છે..

આધુનિક જીવનની આધુનિક શૈલીમાં વાત કરીએ તો મોબાઈલ પર તમે ગુગલથી બધી જાણકારી પણ મેળવી શકો છો.એક કામ કરશો તો તમને વધુ આનંદ થશે.તમે આ બધા કારીગરોની મુલાકાતે જજો તો તમને એમની મહેનત વિશે વધુ માહિતી મળશે અને વધુ શીખવાનું. મોટા થઈ કયો હુન્નર કરવો તે પણ જાણકારી મળશે.

એક સરસ દાખલો આપું છું લોખંડમાંથી લોહાર તલવાર બનાવે છે અને સોઈ પણ...તલવાર માણસ રક્ષણ માટે રાખે છે પણ તે લોહી જ વહેવડાવે જ્યારે નાની સોઈ સાંધવાનું કાર્ય કરે. કપડાં ફાટે કે શરીર નો ઘા તે ટેભાં(ટાંકા/જૈંષ્ઠરીજ) લઈ સાંધે છે.બનાવનાર કારીગર એક દ્રવ્યમાંથી પણ બે કેવી જુદી જુદી ચીજો બનાવે છે.

કુંભારનું મહત્વ એના માટીના વાસણથી જ ખબર પડે. સોની નું મહત્વ તેની નકાશી થી..દાગીનાના ઘડામણ થી.

એક સરસ વાર્તા જાણો ...

રૂપ-કુરૂપ

કાલિદાસ કવિ ને સંસ્કૃતના મહારથી હતા.તેઓ વિક્રમાદિત્ય રાજાના કવિ હતા.રાજા પોતે સશક્ત અને ઘાટીલા (Handsome) હતા. બન્ને બગીચામાં ફરી રહ્યા હતા. રાજાએ કાલિદાસને કહ્યું ,"તમે કેમ આવા કુરૂપ છો? હું કેમ આવો સુંદર ને આકર્ષિત . "

કવિ એ કહ્યું ,"ફૂલ કેવા સુંદર રંગબેરંગી છે પણ તેને સાથ દેનાર ડાળીને થડ કેવા છે? છતાં કુરૂપતા ને સુંદરતાનો ભેદ કાલે દરબારમાં કહીશ."

બીજે દિવસે દરબાર ભરાયો છે.રાજા રાણીઓ ને દરબારી આવ્યા. કાલિદાસ બે થેલા લઈઆવ્યા. વચ્ચોવચ મૂક્યા ને પછી વાતની શરૂઆત કરી .રૂપ કુરૂપ શું છે?મનની માન્યતા કે આંખોની નજરથી મપાતું માપ દંડ.

બધાએ કહ્યું ,"સુંદર ને રૂપ તો દરેકને ગમે."

તેમણે બન્ને થેલા ખોલ્યા એકમાં સોનાનું માટલું ને એકમાં માટીનું માટલું હતું ,બન્ને પાણી થી ભરેલા હતા.

કાલિદાસે સૌ પ્રથમ રાણીઓ ને પાણી પાયું. પછી રાજાને.

બન્ને ને પૂછ્યું ,"ક્યું પાણી મીઠું ને ઠુંડુ હતું?"

બન્ને બોલી ઉઠ્યા ,માટલાનું ."

એક પછી એક દરબારીઓ નો પણ આજ જવાબ હતો. કાલિદાસે કહ્યું ,"રૂપાળું તો સોનાનું માટલું છે તો પછી માટીનું કુરૂપ માટલાનું પાણી કેમ?"

કાલિદાસે સમજાવ્યું રૂપ ને કુરૂપતા માનસિક છે..સૌ પોતપોતાના ગુણ પર થી ઓળખાય છે. રાજા ક્ષત્રિય ને બહાદૂર છે ને રૂપાળા તો હું શાસ્ત્રીય જ્ઞાની છુ ,પણ કદરૂપો...પણ છું તો રાજા જેટલો જ મહત્વપૂર્ણ. માટે ગુણ પારખો રૂપ નહિ

સૌ કારીગર તેમની કલા ના માહિર જ છે..ન કોઈ મહાન ન કોઈ હીન.

સૌને માનથી જુઓ ગુણથી ઓળખો

જયશ્રી પટેલ

---

કોરોના હટાવો

અરે માનવ ઘરથી જાતાં બહાર
મુખ પર લગાવો માસ્ક ભૂલતા
નહીં લગાર
ગળેથી મળવું હવે બંધ કરો
દૂરથી કરતા રહો નમસ્કાર
સેનિટાઇજર સદા પાસ રખાય
હાથ મુખ સ્વચ્છ કરતા રહો
કોરોના શરીરમાં ના પ્રસરાય
ખાણી પીણી માં ધ્યાન રાખશો
હોટલ લારી નું બહાર ના ખવાય
આવે કોઇને ઉધરસ તાવ જો
તુર્તજ કોરોના ટેસ્ટ કરાવાય
આવે જો પોઝીટીવ રિપોર્ટ તો
તુર્ત જ ટ્રિટમેન્ટ શરુ કરાય
હોસ્પિટલથી રજા મલતાં
ચૌદ દિન કોરોન્ટાઇલ થવાય
સિનિયર હો તો કાળજી રખાય
ઘરડાં ને જલ્દી રોગ પકડાય
કોરોના ભયંકર વળી વરસાદ
ચોમાસામાં જીવજંતુનો ત્રાસ
ચેતીને જિવન જિવશો ખાસ
કોઇ રોગ નહીં આવે તુમ પાસ

"મન"કેનેડા

---

શુધ્ધ જિવન

સાદુ જિવન સાચુ જિવન
માણો સૌથી સુંદર જિવન
શુધ્ધ પવિત્ર રહે વિચાર
વાણીમાં કટૂતા ના લગાર
વર્તન માં સભ્યતા અપાર
ચોખ્ખો રાખવો વ્યવહાર
કરવા રહો સદા સત્ કર્મ
રહેશે નિરંતર પ્રફુલ્લિત મન
લોભ મોહ દુર્વ્યસન નો ત્યાગ
પાપ તાપથી મુક્ત રહો આપ
ઇમાનદારી જિવનમાં અપનાવો
આડમ્બર દંભ દિલથી ભગાવો
પરમાત્માથી સ્વઆત્મા મિલાવો
મન હર્ષિત જિવન ધન્ય બનાવો

"મન"કેનેડા

---

ઢળતી સંધ્યાનું આકાશ
કેટલું ખૂબસુરત લાગે છે
તો પછી......
ઢળતી ઉંમર નો આપણને
કેમ થાક લાગે છે.....?
આ તબક્કે જ અધૂરા સપનાઓ
પૂરી કરવાની એક આશ જાગે છે
તો પછી....
ઢળતી ઉંમરનો આપણને કેમ
થાક લાગે છે...... ?
વાબદારીઓ થી મુક્ત થઈને
પોતાની જાતને મળવાની એક
પ્યાસ જાગે છે
તો પછી....
ઢળતી ઉંમરનો આપણને કેમ
થાક લાગે છે...... ?
અંધારી રાત પછી, સોનેરી
સવારનો કેવો ઉજાસ લાગે છે
આ ઉંમરે જિંદગીના અનુભવો
પરથી....સમજણનો એક
અહેસાસ જાગે છે.......
તો પછી....
ઢળતી ઉંમરનો આપણને કેમ
થાક લાગે છે.......
સુખ-દુઃખ એ જીવનનું સનાતન
સત્ય છે.....એને બાજુ પર મૂકી
જિંદગી જીવો......
પછી જુઓ જિંદગી કેવી ખાસ
લાગે છે....... !!!
તન થાકવું એ નિયતી છે.....
પણ.... મનથી નહીં થાકતા
દોસ્તો......
પછી જોઈ લેજો......
ઢળતી ઉંમરનો ક્યાં, કોઈ
થાક લાગે છે......

---

# વડાપ્રધાન તમે શાંતિથી રહો અને અમને શાંતિથી મરવા દો : એક સિનિયર સિટિઝનનો ખુલ્લો પત્ર

## બેંકોમાં વ્યાજદર ઘટી જતાં ફક્ત પોતાની બચતો ઉપર જ જીવન નિર્વાહ કરતાં લાખો સિનિયર સિટિઝનનો આવકમાં ૩૫થી ૪૦ ટકાનો ઘટાડો થયો છે જ્યારે તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે

(એજન્સી) તા.૨૨

કેન્દ્ર સરકાર દેશની સિનિયર સિટિઝનો માટે કશું જ કરતી નથી એવો આક્ષેપ મૂકતા એક સિનિયર સિટિઝને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખુલ્લો પત્ર લખ્યો હતો જેમાં તેમણે બેંકોની ડિપોઝીટ ઉપર ઘટી ગયેલા વ્યાજના દરોએ તેમના માટે કેવી તબાહી મચાવી છે તેનું દર્દનાક વર્ણન કર્યું હતું.

દેશના લોકો દ્વારા બેંકોમાં મૂકવામાં આવતી બચતો ઉપરનો વ્યાજદર ઘટાડવા પાછળ સરકારનો એવો તર્ક છૂપાયેલો છે કે ઘટેલા વ્યાજગરના કારણે રોકાણોને પ્રોત્સાહન મળશે અને બચત કરવા બાબતે લોકોમાં નિરાશા વ્યાપી જશે. હાલ લોકોને બેંકો પાસેથી લોન લેવા માટે ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવે છે, જેની પાછળ સરકારની દલીલ એવી છે કે વધુને વધુ લોન લેવાથી માંગમાં વધારો થશે અને ઉત્પાદનમાં વધારો થશે. પારંપારિત અર્થતંત્ર એમ માને છે કે ઘટેલા વ્યાજના દરોના કારણે રોકાણોમાં વૃદ્ધિ થશે.

મોદી સરકારના વહિવટમાં જો કે આ બેમાંથી એક પણ થયું નહીં. વ્યાજના દરો ઘટાડ્યા, કરવેરા ઘટાડ્યા અને નોન પર્ફોમિંગ એસેટ (એનપીએ)ને ભૂંસી નાંખવામાં આવી તેમ છતાં ખાનગી ક્ષેત્રમાંથી કોઇ રોકાણ આવ્યા નહીં. તે ઉપરાંત વર્તમાન મહામારીના પગલે લાખો લોકોએ નોકરીઓ ગુમાવી તેના કારણે લોકોને જીવન નિર્વાહ માટે પોતાની બચતોનો આશરો લેવો પડ્યો, પોતાની જરૂરિયાતો ઘટાડવી પડી.

૨૦૧૪ની સાલમાં એસબીઆઇમાં પાંચ વર્ષની ફિક્સ ડિપોઝીટ ઉપર વાર્ષિક ૯ ટકા વ્યાજ આપવામાં આવતું હતું અને આજે આ જ બેંક ફક્ત ૬.૬ ટકા વ્યાજ આપે છે જે છેલ્લા ૬ વર્ષમાં ૨૬.૬ ટકાનો ઘટાડો સૂચવે છે. જે સિનિયર સિટિઝન પોતાની ફિક્સ ડિપોઝીટના માસિક વ્યાજ ઉપર જ પોતાનું ઘર ચલાવે છે તેઓને સૌથી વધુ અસર પડી છે. આ વાસ્તવિકતાએ સિનિયર સિટિઝનો ઉપર કેટલી વિપરીત અસર પઉભી કરી છે તેનો ચિતાર રજૂ કરતો એક પત્ર દેશના એક વડીલે વડાપ્રધાન મોદીને લખ્યો છે જે આ મુજબ છે.

**માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી**

હું એક સિનિયર સિટિઝન છું. ૨૦૧૨ની સાલમાં મેં એક રાષ્ટ્રીયકૃત બેંકમાં રૂા. ૪૦ લાખનું રોકાણ કર્યું હતું (ડિપોઝીટ મૂકી હતી) જેનું મને દર મહિને રૂ.૩૫૩૫૨ વ્યાજ મળતું હતું. વ્યાજની સારી રકમ મળતી હોવાથી મારૂં નિવૃત્ત જીવન ખુબ સારી રીતે પસાર થતું હતું, પરંતુ આ ડિપોઝીટની મુદત પાકી જતાં મેં ફરીથી એ જ બેંકમાં મારી તમામ બચતની પરીથી ડિપોઝીટ મૂકી દીધી અને આજે મને બેંક દર મહિને રૂ.૨૨,૯૩૩ વ્યાજ પેટે આપશે જે સ્પષ્ટ દર્શાવે છે કે મારી માસિક આવકમાં રૂ. ૧૨,૪૧૯નો ઘટાડો થઇ ગયો છે, અર્થાત દર મહિને મને ૩૫ ટકા ઓછું વ્યાજ મળશે. ૨૦૧૪થી આજદિન સુધીમાં તમારી સરકારે સિનિયર સિટિઝન માટે કશું કર્યું નથી. આજે જીવન જરૂરી દરેક ચીજવસ્તુઓના ભાવ વધી ગયા છે. દરેક સેવાઓ મોંઘી થઇ ગઇ છે. દાળ, ચોખા, ચણા, બેસન, મીઠું, ડુંગરી અને તમામ શાકભાજીના ભાવ અનેકગણા વધી ગયા છે જ્યારે અમારી આવકમાં ૩૫ થી ૪૦ ટકાનો ઘટાડો થઇ ગયો છે.

૨૦૧૪ની સાલમાં સિનિયર સિટિઝન માટેની બચત યોજનાઓ ઉપર ૯.૩ ટકા વ્યાજ આપવામાં આવતું હતું તે પણ આજે ઘટીને ૭.૪ ટકા થઇ ગયું છે અર્થાત તેમાં પણ ૨૧ ટકાનું નુકસાન થઇ રહ્યું છે, અને વધુ આશ્ચર્યની વાત તો એ છે કે તમારી સરકારે આ બચત યોજનામાં પણ રૂ. ૧૫ લાખ સુધીની જ બચત કરવાની મર્યાદા બાંધી દઇ અમને એ કોમર્સિયલ બેંકોમાં અમારી બચતોની થાપણો કરવા મજબૂર બનાવી દીધા જે ફક્ત ૬.૨૫ ટકા વ્યાજ આપે છે. તે ઉપરાંત ૨૦૧૪ થી આજદિન સુધીમાં ચાર બેંકોનું તો ઉઠમણું થઇ ગયું છે અને તેમાં પોતાની પરસેવાની કમાણીને બચત તરીકે મૂકનારા લોકો આજે રઝળી પડ્યા છે.

શું દરેક સરકારની એ ફરજ અને જવાબદારી નથી કે દેશના સિનિયર સિટિઝન લોકો સન્માનપૂર્વ તેઓનું નિવૃત્ત જીવન પસાર કરે? અમારા સમયમાં અમે પણ ઘું કામ કર્યું હતું, અમે પણ બલિદાન આપ્યા હતા ને રાષ્ટ્રની સેવા કરી હતી, આજે અમને હાડમારીઓ વેઠવાનો સમય આવ્યો હોઇ અમે અમારી બચતો ઉપર નભી રહ્યા છીએ કેમ કે અમે જાણીએ છીએ કે સરકાર મારા માટે કશું જ કરશે નહીં.

મને આશા છે કે તમે અમારી હાડમારીઓનો કોઇ રાજકીય પ્રતિભાવ આપશે.

ડી.એસ. રાવ
૮૦ વર્ષ
સિનિયર સિટિઝન

---

JEE-NEETની પરીક્ષાને લઈ સુબ્રમણ્યમ સ્વામીનું ચોંકાવનારું નિવેદન

# વિદ્યાર્થીઓની તુલના દ્રૌપદી અને મુખ્યમંત્રીઓની ભગવાન કૃષ્ણ સાથે કરી

ન્યુ દિલ્હી,તા.૨૮

કોરોના કાળમાં નીટ અને જીની પરીક્ષા પર વિવાદ ચાલી રહ્યો છે. કોંગ્રેસ આજે દેશભરમાં પ્રદર્શન કરશે જ્યારે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ વિદ્યાર્થીઓની તુલના દ્રૌપદી અને મુખ્યમંત્રીઓની ભગવાન કૃષ્ણ સાથે કરી છે. સાથો સાત પોતાની જાતને વિદુર ગણાવ્યા છે. વિદૂરે કૌરવોના દરબારમાં દ્રૌપદીના અપમાનનો વિરોધ કર્યો હતો. શુક્રવારે પોતાના ટ્વિટમાં સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે 'આજે નીટ અને જીની પરીક્ષાના મામલામાં વિદ્યાર્થીઓ દ્રૌપદીની જેમ અપમાનિત થઈ રહ્યા છે?

સીએમ કૃષ્ણની ભૂમિકા ભજવી શકે છે. એક વિદ્યાર્થી તરીકે અને પછી ૬૦ વર્ષ પ્રોફેસર તરીકેના મારા અનુભવો મને કહે છે કે કંઈક ખોટું થઈ રહ્યું છે. મને વિદુર જેવું લાગે છે. આ અગાઉ સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે જ્યારે ૧૧ રાજ્યોના મુખ્યમંત્રી નીટ અને જીની પરીક્ષાઓ કરાવતા વિરોધ કરી રહ્યા છે, તો પછી કોર્ટમાં જવાની શું જરૂર છે. શું મુખ્યમંત્રીઓ પાસે કોઈ શક્તિ નથી.

દરમ્યાન, કેટલીક રાજ્ય સરકારો સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવાની તૈયારી કરી રહ્યું છે. આગામી એક કે બે દિવસમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ થઇ શકે છે. આપને જણાવી દઈએ કે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષા સોનિયા ગાંધીએ નીટ અને જી પરીક્ષાને લઇ બુધવારના રોજ ૭ બિન-ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની સાથે બેઠક બોલાવી હતી, જેમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે તેઓ સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવશે. આ રાજ્યોના મુખ્યમંત્રીઓએ કહ્યું છે કે તેઓ કેન્દ્રના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારશે.

---

# પૃથ્વી પર ઈસરો બનાવશે નકલી ચંદ્ર

ન્યુ દિલ્હી,તા.૨૮

કોરોના મહામારીએ મહિનાઓ સુધી દુનિયા આખીને જાણે રીતસરની થંભાવી દીધી છે. પરંતુ પોતાના સફળ સ્પેશ મિશનો દ્વારા દુનિયાભરમાં ડંકો વગાડનારી ભારતની અવકાશી સંસ્થા ઈસરોએ આ મુશ્કેલ સમયમાં પણ પડકાર ઝીલી આગળ વધી રહી છે. ઈસરો ચન્દ્રયાન-૩ના લોંચિગની તૈયારીઓ કરવા લાગ્યું છે. ઈસરો આવતા વર્ષે જ ચંદ્રયાન-૩ના લોન્ચિંગ માટેની તૈયારીઓ કરી રહ્યું છે. આ મિશનમાં લેંડર અને રોવર પર ચંદ્રની ધરતી પર જશે. આ અભિયાનના ચોક્કસ રિહર્સલ માટે ઈસરોએ નકલી ચન્દ્ર બનાવ્યો છે. ચંદ્રની કક્ષામાં પ્રદક્ષિણા કરી રહેલા ચંદ્રયાન-૨ના ઓર્બીટર સાથે લેન્ડર અને રોવરનો સંપર્ક કરાવવામાં આવશે.

ચંદ્રની ધરતી પર ખાડાઓમાં ચંદ્રયાન-૩ના લેન્ડર અને રોવર યોગ્યરીતે ઉતરી શકે અને કામ કરી શકે તે માટે બેંગાલુરુથી ૨૧૫ કિલોમીટર દૂર છલ્લાકેરે પાસે ઉલાર્થી ક્વાલૂમાં નકલી ચંદ્ર તૈયાર કરવામાં આવશે. મળતા અહેવાલ પ્રમાણે છલ્લાકેરે વિસ્તારમાં ચંદ્રના ખાડાઓ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. સપ્ટેમ્બરની શરૂઆત સુધીમાં કંપની મળી જશે જે આ કામ પૂર્ણ કરી શકે. ચંદ્રની સપાટી પર હોય તેવા જ હૂબહૂ નકલી ખાડાઓ બનાવવા માટે ૨૪.૨ લાખ રૂપિયાની ખર્ચ કરવામાં આવશે.

નકલી ચંદ્રના આ ખાડાઓ ૧૦ મીટર વ્યાસના અને ૩ મીટર ઊંડા હશે. આ ચંદ્રના નકલી ખાડા એટલા માટે બનાવવામાં આવી રહ્યા છે કે ચંદ્રયાન–૩ના લેન્ડર અને રોવર મૂવમેન્ટની પ્રેક્ટિસ કરી શકે. સાથે જ તેમાં લગાવવામાં આવનાર સેન્સર્સનું ટેસ્ટિંગ થઇ શકે છે. તેમાં લેન્ડર સેન્સર પરફોર્મન્સ ટેસ્ટ કરવામાં આવશે. તેના દ્વારા લેન્ડરની કાર્યક્ષમતાનો ખ્યાલ આવશે.ચંદ્રયાન-૨ની જેમ ચંદ્રયાન-૩ મિશન પણ આગામી વર્ષે લોન્ચ કરવામાં આવશે. અનેક સેન્સર્સ લગાવવામાં આવશે જે ઓટોમેટેડ પ્રોગ્રામ સારી રીતે કરી શકે. લેન્ડરના લેન્ડિંગ સમયે ઊંચાઈ, લેન્ડિંગની જગ્યા, ઝડપ, પથ્થરોથી લેન્ડરને દૂર રાખવું વગેરે કામમાં પણ સેન્સર્સ મદદ કરશે.

---

સ્ટ્રીટલાઈટ લાઈટ શાખાના સુપરવાઈઝરે આ કામ ૨ થી ૨.૫૦ લાખમાં થઈ જાય તેવી નોંધ મુકેલ હતી

# પાલનપુર નગરપાલિકાના બાંધકામ ચેરમેન અને પૂર્વ સ્ટ્રીટલાઈટ ચેરમેન અતુલકુમાર જોષી (ચોક્સી) દ્વારા કેબલ નાખવાની કામગીરીમાં આચરવામાં આવેલ રૂપિયા ૩૦૦૦૦૦ નું કૌભાંડ

## સ્ટ્રીટલાઈટ ચેરમેન તરીકે આર્મડ કેબલ નાખવાની રૂપિયા ૫૨૮૦૬૦ ની કામગીરીમાં રૂપિયા ૩૦૦૦૦૦ નું કરેલ કૌભાંડ

પાલનપુર નગરપાલિકાના સદસ્ય અમૃતભાઈ જોષી દ્વારા કમિશ્નર શ્રી મ્યુનિસિપાલિટી ગાંધીનગર ની કોર્ટમાં ગુજરાત મ્યુનિસિપલ એકટ ૧૯૬૩ ની કલમ ૩૭ મુજબ અતુલકુમાર જોષી (ચોક્સી) ને સ્ટ્રીટલાઈટ શાખામાં રૂપિયા ૩૦૦૦૦૦ ના કરેલ કૌભાંડ બાબતે બાંધકામ સમિતિના ચેરમેન પદેથી તેમજ પાલિકાના સભ્ય પદેથી સસ્પેન્ડ કરવાની તેમજ પ્રાદેશિક કમિશ્નર મ્યુનિસિપાલિટી ગાંધીનગરની કોર્ટમાં કલમ ૭૦ મુજબ રૂપિયા ૩૦૦૦૦૦ ની નાણાંની વસૂલાત કરી કાયદેસરની કાર્યવાહી કરવા લેખિત રજુઆત કરતા જણાવ્યું હતું કે હાલના બાંધકામ સમિતિના ચેરમેન અને વર્તમાન સદસ્ય અતુલકુમાર રમણીકલાલ જોષી (ચોક્સી) જયારે સ્ટ્રીટલાઈટ કમિટીના ચેરમેન હતા ત્યારે સત્તાનો દુરુપયોગ કરી સ્ટ્રીટલાઈટ શાખામાં કોઝી થી લઈ એરોમા સર્કલ સુધીની સ્ટ્રીટલાઈટ તેમજ હનુમાન ટેકરીથી લઈ મારુતિ શોરૂમ સુધી ૧૦ એમ એમ આર્મડ કેબલ ફોર કોર અંડર ગ્રાઉન્ડ નાખવાની કામગીરીમાં કૌભાંડ આચરી સત્તાનો દુરુપયોગ કરી સંસ્થાને રૂપિયા ૩૦૦૦૦૦ (ત્રણ લાખ) નું નુકસાન કરી કૌભાંડ આચરેલ છે આમ રજુઆત ના મુદ્દા નંબર (૧) ઉપરોક્ત કામગીરી માટે સ્ટ્રીટ લાઈટ શાખાના સુપરવાઈઝરે આ કામગીરીમાં રૂપિયા ૨ થી ૨.૫૦ (બે થી અઢી) લાખનો ખર્ચ થશે તેવી નોંધ મુકેલ હતી.

(૨) આ કામગીરી કરાવવા માટે સ્ટ્રીટલાઈટ લાઈટ કમિટીના ઠરાવ નંબર ૨ નાં ૨૮/૦૬/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે કમિટીમાં સુપરવાઈઝરની નોંધ વંચાણે લેવામાં આવી તેમજ આવેલ ભાવો ખોલવા અંગે તેમજ નેગોસીએશન વિગેરે કરાવી સત્તા કમિટીના ચેરમેનને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ

કમિટીએ આપેલ સત્તાનો દુરુપયોગ કરી નોંધ માં દર્શાવ્યા મુજબ રૂપિયા ૨ થી ૨.૫૦ (બે થી અઢી) લાખમાં કામ થઈ જતું હતું તેની જગ્યાએ રૂપિયા ૫૨૮૦૬૦ નો ખોટો ખર્ચ કરી કૌભાંડ આચરી સત્તાનો દુરુપયોગ કરેલ છે.

(૩) આ કામગીરી માટે જાહેર નિવિદા બહાર પાડેલ છે.

(૪) જાહેર નિવિદા બહાર પાડી નગરપાલિકા દ્વારા ટેન્ડર કોપી બનાવવામાં આવેલ હતી ત્રણ ઈજારદારો એ ત્રણ ટેન્ડર કોપીઓ લઈ ભાવો ભરીને આપેલ હતા આવેલ ભાવોને આધારે સરખામણી પત્રાક બનાવેલ છે તે ધ્યાને લેતા રૂપિયા ૫ લાખ ઉપરાંતની રકમનો ખર્ચ થઈ જાય તે ધ્યાને લઈને ટેન્ડર કેન્સલ કરીને ઓનલાઈન ટેન્ડર નિયમ મુજબ બહાર પાડવું પડે તે બહાર પાડેલ નથી કાયદાકીય જોગવાઈઓનો ભંગ કરી ખોટી રીતે ખોટા ભાવો મંજૂર કરી કમિટીએ આપેલ સત્તાનો દુરુપયોગ કરી કૌભાંડ આચરેલ છે. કમિટીના સદસ્યોએ ચેરમેન અતુલભાઈ જોષીને નોંધ ના આધારે ફક્ત ૨ થી ૨.૫૦ (બે થી અઢી) લાખનો ખર્ચ કરવાની સત્તા આપેલ હતી છતાં ચેરમેન અતુલભાઈ જોષી એ કમિટીના સદસ્યો ને અંધારામાં રાખી આપેલ સત્તાનો દુરુપયોગ કરી ભ્રષ્ટાચાર આચરેલ છે.

(૫) કોન્ટ્રાક્ટરે તારીખ ૧૬/૦૯/૨૦૧૭ ના રોજ રૂપિયા ૫૨૮૦૬૦ નું બીલ નંબર ૭૮ રજુ કરેલ છે.

(૬) પાલનપુર નગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને રૂપિયા ૫૨૮૦૬૦ તારીખ ૧૦/ ૧૦/૨૦૧૭ ના રોજ ચુકવેલ છે.

(૭) ૧૦ એમ એમ ફોર કોર એલ્યુમિનિયમ આર્મડ કેબલ ૧૪૯૦ મીટર ફીટીંગ સાથેનો માર્કેટ વેલ્યુ કરતા ખુબજ ઉંચો એટ્લે કે ૧ મીટર ના ૩૪૫ રૂપિયા ના ભાવે ભાવ મંજુર કરી કૌભાંડ આચરી સંસ્થાને મોટુ નુકસાન પહોંચાડેલ છે. આમ ઉપરોક્ત કૌભાંડને લઇ કલમ ૩૭ મુજબ અતુલભાઈ જોષી (ચોક્સી) ને બાંધકામ સમિતિના ચેરમેન પદેથી તેમજ પાલનપુર નગરપાલિકાના સભ્ય પદેથી સસ્પેન્ડ કરવા અને કલમ ૭૦ મુજબ કૌભાંડ ના નાણાંની વસૂલાત કરવા પાલિકા સદસ્ય અમૃતભાઈ જોષીએ ગાંધીનગર ની કોર્ટ માં ફરિયાદ દાખલ કરેલ છે.

### પાલનપુર આર.ટી.ઓ કચેરીના

# ઓપરેટર દલસુખ પરમારને પાંચ હજારની લાંચ લેતા એસીબીએ રંગેહાથે જડપ્યો




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન ભ્રષ્ટાચારમાં સતત વધારો થઈ રહ્યો છે બે દિવસ અગાઉ પાલનપુર નગરપાલિકા ના અધિકારી લાંચ લેતા રંગે હાથે ઝડપાયો હતો જ્યારે આજે ફરી બનાસકાંઠા જિલ્લાના વડુ મથક પાલનપુર શહેર ખાતે આવેલ આર.ટી.ઓ કચેરીના ઓપરેટર દલસુખ પરમાર નામના ઈસમ દ્વારા પાંચ હજારની લાંચ લેતા એસીબીના રંગેહાથે ઝડપાયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર પાલનપુર એસીબી દ્વારા ભ્રષ્ટાચાર નાબુદ થાય તે માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે પાલનપુર આરટીઓ કચેરીમાં ખુલ્લેઆમ માં લોકો જોડે ખોટા કામ કરી નાણાં ઉઘરાવવાનું કામ થઇ રહ્યું છે .જ્યારે આ ભ્રષ્ટાચારમાં અધિકારીઓની મીલીભગત હોય તેવું પણ જોવાઈ રહ્યું છે જેમાં ભ્રષ્ટાચારના ખુલ્લેઆમ એંધાણ પણ સેવી રહ્યા છે ત્યારે જોવાનું રહ્યું કે પાલનપુર આરટીઓ કચેરીના અધિકૃત અધિકારીઓની રહેમનજર હેઠળ ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોય તેવું પણ સામે આવી રહ્યું છે જ્યારે આજે ફરી પાલનપુર ની એસીબીની સફળ ટ્રેપ થઈ છે જેમાં પાલનપુર શહેર ખાતે આવેલ આરટીઓ કચેરીના કોમ્પ્યુટર ઓપરેટર દલસુખભાઈ પરમાર નામના ઈસમ દ્વારા લર્નિંગ લાઈસન્સ માટે ૫૦૦૦ હજારની માંગણી કરતા ઈસમ દ્વારા એસીબીને જાણ કરવામાં આવી હતી ત્યારે એસીબી દ્વારા છટકું ગોઠવી રંગેહાથ એ લાંચ લેતાં ઝડપાયો હતો જેમાં અનેક અધિકારીનું નામ જાહેર કરવાની સંભાવના હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. પાલનપુર ઈ કચેરી નો ઓપરેટર દલસુગ પરમાર નામનો ઈસમ છઝમ્ ના સકંજામાં જડપાયો. જેથી કોમ્પ્યુટર ઓપરેટર દલસુખ પરમાર ને એ. સી.બી. દ્વારા રંગે હાથે ઝડપી પાડી આગળની કાર્યવાહી કરવામાં આવી છે જેમાં આગામી સમયમાં અનેક નામ પણ ખુલી શકેશે કે નહિ તેતો આવનારો સમય બતાવશે પરંતુ અત્યારે તો આર ટી ઓ કચેરી ખળભળાટ જોવા મળ્યો છે કે આવનારા સમય માં નામ ના આવી જાય .

### યુપીએસસીના વિદ્યાર્થીઓ માટે અનએકેડમીએ યુપીએસસી સીએસઈ ચેમ્પિયનશિપ આયોજિત કરશે

# અનએકેડમી યુપીએસસી ચેમ્પિયનશિપ માટે નિવૃત્ત આઈએએસ અને ટોચના શિક્ષણવિદોને એક મંચ પર લઈ આવી

unacademy

ભારત ૨૮ ઓગસ્ટ, ૨૦૨૦

દેશનુ સૌથી મોટુ લર્નિંગ પ્લેટફોર્મ અનએકેડમીએ સીએસઈ પ્રિલિમ્સ ૨૦૨૦, પેપર ૧, જનરલ સ્ટડી માટે ઈચ્છુક યુપીએસસીના વિદ્યાર્થીઓ માટે બીજી વખત યુપીએસસી સીએસઈ ચેમ્પિયનશિપનુ આયોજન હાથ ધર્યુ છે. આ ચેમ્પિયનશીપ વિદ્યાર્થીઓને પાંચ ફ્રી મોક ટેસ્ટ મારફત પોતાનુ જ્ઞાન ચકાસવાની તક પ્રદાન કરે છે. જેમાં યુપીએસસી પરિક્ષા પાસ કરવા માટે ટિપ્સ અને સ્ટ્રેટર્જી સહિત તેઓના પર્ફોર્મન્સ પર વિગતવાર ફિડબેક તૈયાર કરવામાં આવે છે. આ ટેસ્ટ ૩૦ ઓગસ્ટથી ૨૭ સપ્ટેમ્બર,૨૦૨૦ સુધી દર રવિવારે સવારના ૧૦ વાગ્યે અંગ્રેજી અને હિન્દીમાં યોજાશે.

આ ટેસ્ટ નિવૃત આઈએએસ રાકેશ વર્મા, મૃણાલ પટેલ, દિપિકા રેડ્ડી મઘામ, શરદ ત્રિપાઠી, દિપાંશુ સિંહ, મોહમ્મ્દ રિઝવાન અહમદ, આતિશ માથુર જેવા શ્રેષ્ઠ નિવૃત્ત યુપીએસસી અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવશે. આ તમામ અનએકેડમી પ્લેટફોર્મના શિક્ષકો છે. તેઓ પ્રત્યેક ટેસ્ટ બાદ વિદ્યાર્થી સાથે આ ટોચના શિક્ષકો સાથે અંગ્રજી, હિન્દી, અને દ્વિભાષીમાં વિસ્તૃત ચર્ચા અને લાઈવ એનાલિસિસ કરશે. પ્રત્યેક મોક ટેસ્ટમાં ઉત્તીર્ણ ટોપ ૩ વિદ્યાર્થીઓને યુપીએસસી સીએસઈ ૨૦૧૯ ટોપર્સ અને અનએકેડમીના ટોચના શિક્ષકો સાથે વાતચીત કરવા મળશે. ટોપ ૫ અને ત્યારબાદના ટોપ ૨૦ને છ મહિના અને ૩ મહિના સુધી અનએકેડમી યુપીએસસી સીએસઈ સબ્સક્રિપ્શન ફ્રીમાં ઉપલબ્ધ થશે. સબસ્ક્રિપ્શનમાં લાઈવ ક્લાસિસ મારફત સ્ટ્રક્ચર્ડ અને કોમ્પ્રેહેન્સિવ કોર્સ સામેલ રહેશે. તમામ શિક્ષકોના ક્લાસ, સેક્શનલ ટેસ્ટ અને ક્વિઝ, પીડીએફ સ્ટડી મટિરિયલ્સ, ઈન્ટરવ્યુની તૈયારી, અને ચર્ચાવિચારણા અનલિમિટેડ એક્સેસ કરી શકશે. તેમાં પ્રિલિમ્સ અને મેઈન ટેસ્ટ સિરિઝ, પર્સનલાઈઝ્ડ ફિડબેક, શિક્ષકો સાથે વન ટુ વન ઈન્ટરેક્શનની સુવિધા પણ પ્રદાન થશે. અમારા શિક્ષકો વિદ્યાર્થીના તમામ પ્રશ્નોનો સ્પષ્ટ ઉકેલ આપશે. વિદ્યાર્થીઓને તૈયારી કરાવવા માટે તેઓને સ્ટેટિસ્ટિક્સ, લિડરબોર્ડ,ઓલ ઈન્ડિયા રેક્ર એન્ડ પર્સન્ટાઈલ, ગ્રાફસ, ચાર્ટ્સ સહિત વ્યક્તિગત મૂલ્યાંકન રિપોર્ટ દ્વારા વિગતવાર સમજાવવામાં આવશે.

વિદ્યાર્થીઓ મોબાઈલ એપ કે અનએકેડેમી વેબસાઈટ મારફત લોંગઈન કરી અનએકેડમી યુપીએસસી ચેમ્પિયનશિપ માટે રજિસ્ટ્રેશન કરાવી શકશે. અને ટેસ્ટ દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરી શકશે.

યુપીએસસી સીએસઈ ચેમ્પિયનશિપ વિશે અનએકેડમીના ટોપ યુપીએસસી સીએસીઈ શિક્ષક મૃણાલ પટેલે જણાવ્યુ હતુ કે, યુપીએસસી સીએસઈની તૈયારી માટે મહેનતુ અને એકાગ્રતા ધરાવતા વિદ્યાર્થીઓની જરૂર છે. સુસંગતતા મહત્વનુ પરિબળ છે. જે પરિક્ષાઓ અને મોક ટેસ્ટ માટેની તૈયારી પરથી મળે છે. જેના મારફત વિદ્યાર્થીઓ પોતાની સ્કીલમાં વધારો કરી શકે છે. અનએકેડમી યુપીએસસી ચેમ્પિયનશિપ બહુપક્ષી સ્ટ્રેટર્જી પ્રદાન કરે છે. જેમાં વિદ્યાર્થીઓ જુદા-જુદા વિષયો અને ફેક્ટ મારફત પોતાની તૈયારીનુ સ્તર ચકાસી શકે છે. અનએકેડમી દ્વારા હાથ ધરાયેલી આ પહેલ દેશના વિદ્યાર્થીઓ માટે અત્યંત લાભદાયી છે. મને આ સિરિઝનો ભાગ બનાવવા બદલ આભારી છું.

યુપીએસસી સીએસઈની પરિક્ષામાં ઉત્તીર્ણ થવા માટે તમામ પ્રકારની તૈયારી અનિવાર્ય છે. આ સ્ટ્રેટર્જીનુ કોર્નરસ્ટોન અભ્યાસ અને પ્રેક્ટિસ વચ્ચે અસરકારક રીતે બેલેન્સ બનાવી રાખે છે. પરિક્ષાની પ્રેક્ટિસથી વિદ્યાર્થીઓ પોતાની તૈયારીમાં હજુ કેટલી મહેનતની જરૂર છે. તે સમજી શકે છે. પોતાના નબળા પાસાઓને ઓળખી શકે છે. તૈયારીની યોજનાનો રિવ્યુ કરી શકે છે. અનએકેડમીના યુપીએસસી સીએસઈના ટોચના શિક્ષક દિપિકા રેડ્ડી મઘામે જણાવ્યુ હતુ કે, અનએકેડમી યુપીએસસી ચેમ્પિયનશિપ વિદ્યાર્થીઓને પોતાની તૈયારી ચકાસવવા માટેનુ અત્યંત અસરકારક સાધન છે. આ રાષ્ટ્રીય સ્તરની સિરિઝ હોવાથી તમે અન્ય સાથે તમારા પર્ફોર્મન્સની સરખામણી પર કરી શકો છો. જેમાં સામેલ શ્રેષ્ઠ શિક્ષકો ટેસ્ટની તૈયારી અને ચર્ચાવિચારણા કરી શકો છો.

# PSI ભરતી મામલોઃ ગૌણ સેવાના એફિડેવિટથી ૫૨ જેટલા PSI ઉપર લટકતી તલવાર

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત સરકારમાં સરકરી ભરતીઓ બહાર પાડવામાં આવે છે પણ છેલ્લા કેટલાય વર્ષોથી છબરડા થતા જોવા મળે છે ત્યારે ૨૦૧૬મા ખાતાકીય પી.એસ.આઈ મોડ ૨ ની પરીક્ષા ગુજરાત ગૌણ સેવા દ્વારા લેવામાં આવી હતી ત્યારબાદ પરિણામ જાહેર થયા બાદ ઘણા ઉમેદવારો દ્વારા પરિણામ સામે નારાજગો થતા હાઈકોર્ટના દરવાજે ગયા હતા અને હાઈકોર્ટ દ્વારા પેપર ફરી તપાસવામાં આદેશ કરવામાં આવ્યો હતો ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટમાં આજે ગુજરાત ગૌણ પસંદગી મંડળની એક એફિડેવિટથી પોલીસ બેડામાં અફરાતફરી મચી ગઇ. ૨૦૧૬માં સરકારે ૪૦૩ પીએસઆઇના ૫૬ માટે ભરતી કાઢી હતી. જેમાં જનરલ કેટેગરીના ૩૧૪ અનુસૂચિત જાતિના ૩૨ અને અનુસૂચિત જનજાતિના ૫૭ ઉમેદવારોની ભરતી હતી ગુજરાત સરકાર દ્વારા ૪૦૩ પીએસઆઇના ૫૬ માટે ભરતી પ્રક્રિયા કરી પણ સરકારના મેરીટ અનુસાર ૩૭૬ ઉમેદવારો પાસ થયાં. જેમાં જનરલ કેટેગરીના ૩૧૪, અનુસૂચિત જાતિના ૩૨ અને અનુસૂચિત જનજાતિના ૩૦ ઉમેદવારો સરકાર ના મેરીટ અનુસાર પાસ થયા. ત્યારે ૭૦ ઉમેદવારો હાઇકોર્ટમાં પરીક્ષામાં ભ્રષ્ટચાર થયાંનો આરોપ લગાવી સ્પેશિયલ લિવ પિટિશન દાખલ કરી. જેમાં હાઇકોર્ટના આદેશ મુજબ સરકારે ફરી પરિણામોનું રિચેક કરવા આદેશ કરી કટ ઓફ માર્ક્સ માં પણ ફેરફાર કર્યા. હવે પસંદગી મંડળના નવા એફિડેવિટ પ્રમાણે ૩૭૬ માંથી ૫૨ ઉમેદવારો નાપાસ છે.મહત્વની વાત એ છે કે આ ૫૨ ઉમેદવારો અત્યારે પીએસઆઇ તરીકે છેલ્લા ૩ વરસ થી પોસ્ટિંગ લઈ ફરજ બજાવે છે. જ્યારે ફરિયાદ કરનારા ૭૦ પૈકી ૮ ઉમેદવારોને પાસ થયા છે. એફિડેવિટ મુજબ ૫૨ પીએસઆઇની નોકરી જાય તેવી સ્થિતિ સર્જાશે. ત્યારે સવાલ એ થાય છે કે જે તે સમય દરમિયાન ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કામગીરી સામેં સવાલ ઉભા થાય. હાલ બોર્ડ ના એફિડેવિટ ઉપર હાઇકોર્ટ નો આદેશ આવ્યો નથી. પેન્ડિંગ છે..પણ અત્યારે આ એફિડેવિટ પોલીસ વિભાગની અને ગૃહ વિભાગની ઊંઘ ઉડાવી દીધી છે માહિતી એવી મળી રહી છે કે સરકાર દ્વારા પી.એસ.આઈ ની ભરતીમાં મેરીટ મા ઘટાડો કરવામાં આવ્યો છે પહેલા મેરીટ ૨૪૦ જનરલ હતું ત્યારે જે લોકો ત્રણ વર્ષથી જૈ મા નોકરી કરે છે તેમાં ઘણા ઉમેદવારો એવા છે કે જેનું મેરીટ ૨૪૦ બનતું જ નોહતું ત્યારે સવાલ એ છે કે જો મેરીટ જો ૨૪૦ બનતું નોહતું તો મેરિટ મા આવ્યા કઈ રીતે..? ત્યારે હાલ તો આ ભરતીમા નારાજ ઉમેદવારો કોર્ટના દ્વારે છે ત્યારે હવે જોવાનું એ રહયું કે જે ઉમેદવારોનું ૨૪૦ મેરીટ નોહતું તેમની સામે કેવા પગલાં ભરવામાં આવે છે..? ત્યારે હાલની પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે કોઈ મોટો ગોટાળો નીકળે તો નવાહી નહીં.

# વેકરી ગામને પૂર અસરગ્રસ્ત જાહેર કરોઃતાલુકા પંચાયતના સદસ્ય શ્રી રામશીભાઈ ખોડભાયાની માંગ



બે દિવસ પહેલા ભાદર ડેમના પાણી વેકરી ગામમાં પૂરના પાણી ફરી વળ્યા હતા હજારો વિઘામાં પાક અને જમીન ધોવાણ થયું છે ભાદર નદીના ઘોડા પૂરના કારણે પાક નિષ્ફળ ગયા છે ખેડૂતોના અનેક ખેત ઓજાર તણાય ગયા છે માલધારી મિત્રોના ઢોરના ચારા તણાય ગયા છે આમ અમારા ગામની હાલત ગંભીર છે આથી તાત્કાલિક અસરથી અમારા ગામને પૂર અસરગ્રસ્ત જાહેર કરવાની માગણી કરી હતી તાત્કાલિક સહાય આપવા માટેનું આવેદનપત્ર આજે માણાવદરના મામલતદાર રામ સાહેબ અને માણાવદર તાલુકા વિકાસ અધિકારી મોરી સાહેબને વિશાળ ગ્રામ જનોની સંખ્યામાં આવેદન પત્ર આપ્યું હતું.

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# રાજકોટનું ધમણ-૩ વેન્ટિલેટર તમામ પરીક્ષણમાં પાસઃ જ્યોતિ સીએનસી

રાજકોટ,તા.૨૮

કોરોના મહામારીમાં રાજ્યમાં ધમણ-૩ વેન્ટિલેટરને લઈને આ મુદ્દો ખુબ જ ગાજ્યો હતો. રાજકોટના ધમણ-૩ વેન્ટિલેટર અનેક વિવાદોમાં સપડાયા બાદ તેના પર એક આરટીઆઈ કરવામાં આવી હતી. આજે આ આરટીઆઈના જવાબમાં જ્યોતિ સીએનસી દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. ધમણ–૩' મુદ્દે જ્યોતિ સીએનસીના માલિક પરાક્રમસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે રાજકોટના "ધમણ– ૩"ને લઈને આરટીઆઈમાં ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. ધમણ – ૩ને કેન્દ્રએ મંજૂર કર્યાનો પણ દાવો તેમના નિવેદનમાં કર્યો છે. તેમણે જણાવ્યું કે રાજકોટનું ધમણ-૩ તેના પરીક્ષણમાં પણ પાસ થયેલ છે, પરંતુ તેના પાછળ બીજો હેતું છે. ધમણ-૩થી ઈમ્પોર્ટેડ લોબી ખુશ નહોતી, જેના કારણે વિવાદોમાં સપડાયું છે.

અમને ૫૦૦૦ ધમણ – ૩ ખરીદવાનો ઓર્ડર પણ મળ્યો છે. રાજકોટમાં ધમણ ૩ અંગે સામે આવેલી આરટીઆઈ પર જ્યોતિ સીએનસી દ્વારા મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. જ્યોતિ સીએનસીના માલિક પરાક્રમસિંહ જાડેજાએ મીડિયા સમક્ષ આજે એક પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાનું નિવેદન આપ્યું છે. તેમાં તેમણે જણાવ્યું હતું કે, રાજકોટમાં નિર્મિત ધમણ-૩ વેન્ટિલેટર તમામ પરીક્ષણમાં પાસ થયું છે.

વેન્ટિલેટર સીમિત સંખ્યામાં હતા, માટે એ ચિંતાજનક સ્થિતિ હતી. આ સમયે જ્યોતિ સીએનસી એ ધમણ વેન્ટિલેટર બનાવવા વિચારણા કરી છે. લોકડાઉન દરમિયાન ૧૫૦ લોકોની ટીમ સાથે મળીને અમે વેન્ટિલેટર બનાવવાની શરૂઆત કરી હતી. કરોડો રૂપિયાના વેન્ટિલેટરના ઓર્ડરની શક્યતા હતી,

પરંતુ એમને આ ઓર્ડર ન મળતા ખોટો મેસેજ પાસ થયો છે. ધમણ-૧ માં કોઈ ખામી ન હતી. ધમણ-૩ વેન્ટિલેટર માટે જે વિવાદો ઉભા કરવામાં આવ્યા, તેમાં પણ ધમણ-૩ પાસ થઈ ચૂક્યું છે. ૫૦૦૦ વેન્ટિલેટરનો ઓર્ડર જ્યોતિ સીએનસીને મળ્યો છે. રાજકોટના ધમણ-૩ વેન્ટિલેટરને લઈને થયેલી આરટીઆઈમાં એવો ઉલ્લેખ ન હતો કે, ધમણ-૩ ફેલ ગયું છે. અમારું ધમણ ૩ આજે ફૂલી ટ્રાયલમાં પાસ થયું છે. રાજકોટ અને મોરબીનો ઉદ્યોગોમાં તમામ બાબત શક્ય છે.

# રાજ્યકક્ષાના મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા થયા કોરોનાસંક્રમિત, ટ્વીટ કરી આપી સલાહ

અમદાવાદ,તા.૨૮

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર અમદાવાદ બાદ સુરત, વડોદરા અને રાજકોટ પર વરસી રહ્યો છે. કોરોનાએ સામાન્ય માણસથી લઈને રાજકીય નેતાઓને પણ બકક્ષ્યા નથી, ત્યારે ભારતીય જનતા પાર્ટીના અને રાજ્યકક્ષાના મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા)નો કોરોનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેના કારણે તેઓ અમદાવાદ ખાતે સારવાર લઈ રહ્યા છે. રાજ્યકક્ષાના મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા)એ કોરોના વિશેની માહિતી જાતે ટ્વિટ કરીને આપી હતી. તેમણે પોતાની ટ્વિટમાં જણાવ્યું હતું કે, 'મારો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને મારી તબિયત સારી છે.

છેલ્લા એક અઠવાડિયા દરમિયાન મારા સંપર્કમાં આવેલ તમામ લોકો સ્વેચ્છાએ હોમ કવોરન્ટાઇન થાય અથવા તો ડોક્ટર પાસે ટેસ્ટ કરાવવા વિનંતી. ભગવાન ભોળાનાથ તથા આપ સૌના આશીર્વાદથી હું ઝડપથી સ્વસ્થ થઈ જઈશ. અગાઉ ગુરૂવારે સુરતમાં ભારતીય જનતા પાર્ટીના સૌથી યુવા ધારાસભ્ય હર્ષ સંઘવીએ પોતે કોરોના પોઝિટિવ હોવાની માહિતી આપી અને સંબંધિત લોકોને પોતાના ટેસ્ટ કરાવવા તેમજ આઈસોલેશનમાં રહેવાની સલાહ આપી હતી. ગુરૂવારે સાંજ થતાની સાથે જ અમદાવાદના પશ્ચિમના સાંસદ ડૉ.કિરિટી સોલંકી પણ કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવ્યું હતું.

સોલંકીએ જાતે ટ્વીટ કરીને આ માહિતી આપી હતી. અત્રે નોંધનીય છે કે, રાજ્યકક્ષાના મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) ફૂડ, સિવિલ સપ્લાય, કન્ઝ્યુમર અફેર્સ એન્ડ કોટેજ ઈન્ડસ્ટ્રીઝનો પ્રભાર સંભાળી રહ્યા છે. તેઓ જામનગર ઉત્તરના ધારાસભ્ય છે અને અગાઉ કૉંગ્રેસમાં કામ કરતા હતા. ત્યારબાદ રાજયસભાની ચૂંટણી વખતે તેઓ કૉંગ્રેસમાંથી ભાજપમાં ભળ્યા હતા. તેમણે પોતાના સંપર્કમાં આવેલા લોકોને આ સલાહ આપી હતી.

## રાષ્ટ્રીય ગૌસેવા આયોગ ચેરમેન ડૉ વલ્લભ કથીરિયા નો આજનો બનાસકાંઠા નો કાર્યક્રમ

**રાષ્ટ્રીય ગૌસેવા આયોગના ચેરમેન ડોક્ટર વલ્લભભાઈ કથીરિયા આજરોજ સવારે બનાસકાંઠાની બનાસ ડેરી ની મુલાકાત લેનાર છે તેમજ સરકારના પશુપાલન ખાતાના અને ગૌ સેવા સાથે જોડાયેલા તેમજ વેટરનરી ઓફિસરો જિલ્લા કલેકટર અને અન્ય અધિકારીઓ સાથે પણ મીટીંગ યોજનાર છે તેમજ બપોર પછી તેઓ કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા ની મુલાકાત લઈને પશુપાલન અંતર્ગત જવાબદાર લોકો સાથે વાર્તાલાપ કરશે ત્યારબાદ તેઓ રાજકોટ જવા રવાના થશે**

# જી અને નીટની પરીક્ષા રદ્દ કરાવવા કોંગ્રેસ અને NSUIનો રાજયવ્યાપી વિરોધ

ગાંધીનગર,તા.૨૮

કોરોના કાળમાં જી-નીટની પરીક્ષા પર વિવાદ ચાલી રહ્યો છે. કોંગ્રેસ આજે દેશભરમાં પ્રદર્શન કરી રહ્યું છે. ત્યારે અમદાવાદમાં પણ આજે ગુજરાત કોંગ્રેસ દ્વારા જી-નીટને લઈને વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યું છે. કોંગ્રેસનું અમદાવાદ સહિત રાજયભરમાં જી-નીટની પરીક્ષા પર પ્રદર્શન ચાલી રહ્યું છે. ત્યારે ગુજરાત કોંગ્રેસ દ્વારા આજે રાજ્યમાં તમામ જિલ્લા મથકોએ વિરોધ કર્યો હતો. કોરોનાકાળમાં પરીક્ષાના નિર્ણયનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં નીટના ૮૦ હજાર વિદ્યાર્થીઓ છે, જ્યારે જીમાં ૩૭ હજાર વિદ્યાર્થી પરીક્ષા આપશે. જી-નીટ પરીક્ષાને લઈને વિરોધમાં આજે કોંગ્રેસ દ્વારા અમદાવાદ સહિત રાજયભરમાં વિરોધ પ્રદર્શન કરાઈ રહ્યું છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા આજે ધરણાં પર બેઠા છે. ત્યારે તેમના એક નિવેદનમાં જણાવ્યું કે, કોરોના કાળમાં પરીક્ષા યોજવી શક્ય નથી. રાજ્યમાં નીટમાં ૮૦ હજાર, જ્યારે જીમાં ૩૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થીઓ છે,

તેમના ભવિષ્યનો વિચાર કરો. કોરોનાકાળમાં પરીક્ષા ન યોજવાની કોંગ્રેસે માંગણી કરી છે. કોરોના વચ્ચે પણ સરકાર જીદ પર બેઠી હોવાનું ચાવડાએ જણાવ્યું છે. જી-નીટપરીક્ષાને લઈને કોંગ્રેસ દ્વારા અમદાવાદના ગુજરાત યુનિ. ખાતે વિરોધ પ્રદર્શન કરાયું હતું. પરંતુ વિરોધ ઉગ્ર બનતા ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિત કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. જી-નીટને લઈ કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન ઉગ્ર બનતું જાય છે. અમદાવાદ, વડોદરા, રાજકોટમાં જી-નીટની પરીક્ષાને લઈને કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. વડોદરામાં એસટી બસ રોકીને વિરોધ કરાયો છે. ત્યારે વિરોધ કરી રહેલા કોંગી કાર્યકરોની પોલીસે અટકાયત કરી હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. વડોદરામાં કોંગ્રેસ અને એનએસયુઆઈના દેખાવો જોવા મળી રહ્યા છે. વડોદરાના દાંડિયા બજાર ચાર રસ્તા પાસે કોંગ્રેસ દેખાવો કરી રહ્યું છે.

શહેર અને જિલ્લા કોંગ્રેસના કાર્યકરો દેખાવોમાં જોડાયા છે. નીટ અને જેઈઈની પરીક્ષા મુલતવી રાખવા કોંગ્રેસે માંગણી કરી છે. પરીક્ષાના કારણે વિદ્યાર્થીઓમાં કોરોનાનું સંક્રમણ ફેલાશે તેવો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ નેતાઓ દ્વારા દાંડિયા બજાર – અકોટા ચાર રસ્તા ખાતે રસ્તા રોકો આંદોલન કરાયું હતું. જેમાં કેટલાક કાર્યકરો એસ.ટી બસ રોકી બસ પર ચડી ગયા હતા. ત્યારે ૧૦થી વધુ કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી છે. દેખાવ કરનાર મહિલા કોંગ્રેસ કાર્યકરોએ પણ ગંભીર આક્ષેપ લગાવ્યા છે. રાવપુરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ અજય જાદવ પર આક્ષેપ કરાયો છે. પીએસઆઈએ મહિલાના છાતી પર હાથ લગાવ્યો હોવાનું જણાવાઈ રહ્યું છે. કોંગ્રેસ દ્વારા પીએસઆઈને સસ્પેન્ડ કરવાની માંગ ઉઠી છે. પરંતુ પીએસઆઈએ આક્ષેપનું ખંડન કર્યું છે. રાજકોટમાં પણ જી અને નીટની પરીક્ષા રદ્દ કરવા કોંગ્રેસ મેદાને પડી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કોંગ્રેસના ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં બંધ કરોની માંગ સાથે કોંગ્રેસી કાર્યકરો ભેગા થયા છે.




**કોવિડ-૧૯ વૈશ્વિક મહામારી ને લીધે જેઈઈ-નીટ (JEE-NEET) ની પરીક્ષાઓ મુલતવી રાખવા તથા ૬ મહિનાની ફી માફીની માંગ સાથે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને Nsui દ્વારા જિલ્લા વડા મથક કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરતા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી અશોકભાઈ ડાંગર, પૂર્વ પ્રમુખશ્રી મહેશભાઈ રાજપૂત,વિરોધપક્ષ નેતા શ્રી વશરામભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, જસવંતસિંહ ભટ્ટી, દિનેશભાઈ મકવાણા, દિપ્તીબેન સોલંકી, Nsui શહેર પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી અને જિલ્લા nsui પ્રમુખ રોહિતસિંહ રાજપૂત,ફ્ન્ટલ સેલ ચેરમેનો મનીષાબા વાળા, મુકુંદભાઈ ટાંક, વૉર્ડ પ્રમુખો રમેશભાઈ જુનજા, રાજેશભાઈ આમરણીયા, રણજિત ભાઈ મુંધવા, સંજયભાઈ લાખાણી, ભાવેશભાઈ ખાચરીયા તેમજ વૉર્ડ પ્રમુખો રમેશભાઈ જુનજા, કૃષ્ણદત્તભાઈ રાવલ, અલ્પેશ ટોપીયા, રાજેશભાઈ કાપડિયા, ગીરીશભાઈ ઘરસંડિયા, રાજેશભાઈ કાચા, દિનેશભાઈ પટોળીયા, જગદીશભાઈ સખીયા, દીપુલભાઈ સાવલિયા, કોર્પોરેટરો દિલીપભાઈ આશવાણી, કોટપોરેટર પ્રતિનિધિ મનસુખભાઈ કાલરીયા, સંજયભાઈ અજુડીયા, જયાબેન ટાંક, રવજીભાઈ ખીમસુરિયાં, હારૂનભાઈ ડાકોરા તેમજ આગેવાનો ઠાકરશીભાઈ ગજેરા, અનિલભાઈ જાદવ,મથુરભાઈ માલવી, કનકસિંહ જાડેજા, પ્રભાતભાઈ ડાંગર, રસિકભાઈ ભટ્ટ, સુરેશભાઈ ગરૈયા, નારણભાઈ હિરપરા, નિલેશભાઈ ભાલોડી, રવિભાઈ ડાંગર વિગેરે ની પોલીસ દ્વારા અટક કરવામાં આવી.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.